


સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

વર્ષ : ૪૮ અંક : ૧૧૧ જૂનાગઢ તા.૨૩-૦૪-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 111, Junagadh : Date : 23 April, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### ગુજરાતમાં લોકસભાની ૨૫ અને વિધાનસભાની પાંચ બેઠકો પર ચૂંટણી ચિત્ર સ્પષ્ટ

## લોકસભા માટે ૨૬૬ અને વિધાનસભાની પાંચ બેઠકો પર ૨૪ ઉમેદવારો મેદાનમાં : સૌરાષ્ટ્ર-કચ્છની ૮ બેઠકો પર ૯૨ ઉમેદવારો વચ્ચે જંગ

અમદાવાદ,તા.૨૩

ગુજરાતમાં આગામી ૭ મે ના રોજ યોજાનારી લોકસભાની ૨૫ અને વિધાનસભાની પાંચ બેઠકોની ચુંટણી માટેનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. લોકસભા માટે ૨૬૬ તથા પાંચ ધારાસભા બેઠકોની પેટાચૂંટણી માટે ૨૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

ગુજરાતની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો ગઈકાલે સોમવારે અંતિમ દિવસ હતો અને તે સાથે ચુંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ હતું. સુરતની લોકસભા બેઠક બીનહરીફ થતા હવે ૨૫ બેઠકો પર ચુંટણી થવાની છે અને તેમાં ૨૬૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ૨૦૦૯ પછી ગુજરાતમાં સૌથી ઓછા ઉમેદવારો છે. ૨૦૧૯ની સરખામણીએ પણ ૨૮ ટકા ઓછા ઉમેદવાર છે. રાજયની લગભગ તમામ બેઠકોમાં નાના પક્ષો અથવા અપક્ષોને બાદ કરતા મુખ્યત્વે દ્વિપક્ષી સીધો મુકાબલો થવાનો છે. ૨૫માંથી ૨૩ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે તથા ભાવનગર-ભરૂચની બેઠક પર ભાજપ-આપ વચ્ચે જંગ થશે. ચુંટણી જોડાણ અંતર્ગત આ બન્ને બેઠકો કોંગ્રેસે આમ આદમી પાર્ટી (આપ)ને ફાળવી હતી. ગુજરાતની સૌથી વધુ ૧૮ ઉમેદવાર અમદાવાદ પુર્વેની બેઠકમાં છે જયારે બારડોલીની બેઠક પર સૌથી ઓછા-માત્ર ત્રણ ઉમેદવાર મેદાનમાં છે. રાજકોટની બેઠક પર ૯ ઉમેદવારો વચ્ચે જંગ જામશે. સૌરાષ્ટ્ર-કચ્છની લોકસભાની આઠ બેઠકોને લાગેવળગે છે ત્યાં સુધી ૯૨ ઉમેદવારો ચુંટણી મેદાનમાં રહ્યા છે. ૨૦૧૯ની સરખામણીમાં ભાવનગર તથા કચ્છને બાદ કરતા અન્ય તમામ છ બેઠકો પર ઉમેદવારોની સંખ્યા ઘટી છે. રાજકોટમાં ૨૦૧૯માં ૧૦ ઉમેદવારો હતા તે આ વખતે ૯ છે. અમરેલીમાં ૧૨ની સરખામણીએ ૮, જુનાગઢમાં ૧૨ સામે ૧૧, પોરબંદરમાં ૧૭ની સરખામણીએ ૧૨, જામનગરમાં ૨૮ની સરખામણીએ ૧૪, ભાવનગરમાં ૧૦ સામે ૧૩, સુરેન્દ્રનગરમાં ૩૧ સામે ૧૪ તથા કચ્છમાં ૨૦૧૯માં ૧૦ની સરખામણીએ આ વખતે ૧૧ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

## સુરતની બેઠક ભાજપને ભેટમાં આપનાર કુંભાણી કેસરીયા કરશે તેવા સંકેત : પોલિટીકલ ડ્રામા ફિકસ જ હતો !!



સુરત તા. ૨૩

ગુજરાતમાં સુરત લોકસભા બેઠક પર હાઈવોલ્ટેજ ડ્રામા બાદ જે રીતે આ બેઠક પરના કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણી અને તેના ડમી ઉમેદવાર બંન્નેના ફોર્મ રદ થયા અને બાદમાં એક બાદ એક અપક્ષોએ પણ પોતાના ઉમેદવારી પત્રકો પાછા ખેંચી લઈને ભાજપને બિનહરીફ થવાની 'તક' આપી તે બાદ હવે આ પ્રકરણમાં છેલ્લે 'સીન' પણ આપી રહ્યો છે અને નિલેષ કુંભાણી અને તેના ટેકેદારો સાથે હવે આગામી એક બે દિવસ અને સંભવિત ગુરૂવારે ભાજપમાં જોડાઈ જશે તેવા સંકેત છે.

સુરત એપીસોડ બાદ નિલેષ કુંભાણી જાહેરમાં આવ્યા નથી અને તેમના ઉમેદવારી ફોર્મમાં સહી કર્યા બાદ આ સહી અમારી નથી તેવા દાવો કરીને કુંભાણીની ઉમેદવારી જ રદ થાય તે નિશ્ચિત કરનાર તેમના નજીકના તમામ પણ ભાજપમાં જોડાઈ જશે તેવા સંકેત છે.

નિલેષ કુંભાણી પાટીદાર અનામત આંદોલન સાથે જોડાયા હતા અને જાણીતા થયા હતા તથા બાદમાં કોંગ્રેસમાં જોડાયા હતા. પાટીદાર અનામત આંદોલનના 'ચહેરો' બનેલા હાર્દિક પટેલ તથા તેના સાથીદારો પણ જે રીતે હવે કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા છે અને હાર્દિક પટેલ તો વિરમગામ બેઠક પર ભાજપની ટિકીટ પર ચુંટણી લડીને ધારાસભ્ય બન્યા છે.

તો હાલમાં જ આ આંદોલનના અન્ય અગ્રણીઓ અલ્પેશ કથીરીયા, ધાર્મિક માલવીયાએ પણ આમ આદમી પાર્ટી છોડી દીધી છે અને તેઓ પણ ટુંક સમયમાં ભાજપમાં જોડાઈ શકે છે તેવી ચર્ચા છે જેમાં નિલેષ કુંભાણી જો કેસરીયા કરે તો સુરતનો આખો ડ્રામા ફિકસ જ હતો તે સાબિત થઈ જશે.

## મલેશિયન નેવીનાં બે હેલિકોપ્ટરની આકાશમાં ટક્કર ૧૦નાં મોત

કવાલાલુમ્પુર, તા.૨૩

મલેશીયામાં રીયલ મલેશીયન નેવી પરેડના રિહર્સલ વખતે બે હેલીકોપ્ટરની સામસામી ટક્કર થઈ હતી તેમાં ૧૦ લોકોના મોત નિપજયા હતા. લુમુતના નૌકાદળના મથકે જ આ દુર્ઘટના સર્જાઈ હતી. મલેશિયન નૌકાદળે સતાવાર નિવેદનમાં કહ્યું હતું કે, નેવી પરેડના રિહર્સલમાં સામેલ બે હેલીકોપ્ટરની સામસામી ટકકર થઈ હતી. એક હેલીકોપ્ટરમાં ૭ અને બીજામાં ૩ લોકો સવાર હતા. મલેશીયન નેવીના ૯૦માં સ્થાપના દિનની ઉજવણી માટે આ રિહર્સલ યોજવામાં આવી રહ્યું હતું. બે હેલિકોપ્ટર વચ્ચેની અવકાશી ટકકરનો ૨૧ સેકન્ડનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. આકાશમાં અધવચ્ચે જ ટકકર બાદ બંને હેલીકોપ્ટર જમીન પર ખાબકયા હોવા સુધીનો ઘટનાક્રમ વિડીયોમાં દેખાઈ રહ્યો છે.

રીહર્સલ વખતે મેદાન પર મોટી સંખ્યામાં નેવીના જવાનો હાજર હતા. દુર્ઘટના બાદ હેલીકોપ્ટરો નીચે પડતા નાસભાગ મચી ગઈ હતી અને ગણતરીની મીનીટોમાં જ રાહત બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. દુર્ઘટનાગ્રસ્ત હેલીકોપ્ટરોનો કાટમાળ હટાવવામાં આવ્યો હતો પરંતુ ૧૦માંથી એક પણ વ્યકિતને બચાવી શકાઈ ન હતી.

## તાઈવાનની ધરા ધરતીકંપથી ધ્રુજી : એક રાતમાં ૮૦ ભુકંપ



તાઈપેઈ, તા. ૨૩


તાઈવાનનું પાટનગર તાઈપેઈ ભૂકંપના શ્રેણીબધ્ધ આંચકાથી ધ્રુજી ઉઠયું હતું. ૬.૩ની તિવ્રતાના સૌથી મોટા ભૂકંપ વચ્ચે નાના મોટા ૮૦ જેટલા આંચકા અનુભવાતા આખી રાત ધરતી ધ્રુજતી રહ્યાનો ઘટનાક્રમ સર્જાયો હતો અને લોકો ભયભીત બન્યા હતા. તાઈવાનના પૂર્વીય હુલેન ક્ષેત્રમાં ૬.૩ની તિવ્રતાનો સૌથી મોટો આંચકો અનુભવાયો હતો. આંચકાનો દૌર ગત સાંજે ૫.૦૮ કલાકે શરૂ થયો હતો અને ત્યારે ૫.૫ની તિવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. મધરાત બાદ શ્રેણીબધ્ધ આંચકાનો સીલસીલો શરૂ થઈ ગયો હતો. મોડી રાત્રે ૨.૩૦ કલાકે ૬ મીનીટના સમયગાળામાં બે મોટા આંચકા અનુભવાયા હતા. તાઈવાનના સિસ્મોલોજી સેન્ટરના રીપોર્ટ પ્રમાણે મોડી રાત્રે ૨.૨૬ કલાકે ૬ની તિવ્રતાનો અને ત્યારબાદ ૬ મીનીટ પછી ૬.૩ની તિવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. અમેરિકી સિસ્મોલોજી વિભાગે આ બંને આંચકાની તિવ્રતા અનુક્રમે ૬.૧ અને ૬ની દર્શાવી છે.

## આજે સુપ્રિમ કોર્ટમાં પતંજલી કેસની સુનાવણી : પતંજલીએ ૬૭ અખબારોમાં જાહેરાત આપી માફી માંગી

નવી દિલ્હી તા. ૨૩

આજે સુપ્રીમ કોર્ટમાં પતંજલિ જાહેરાત મામલે આજે ફરી સુનાવણી થઈ રહી છે. પતંજલિ આયુર્વેદે સોમવારે કેટલાક અખબારોમાં માફી પત્ર જાહેર કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે પતંજલિ આયુર્વેદ સુપ્રીમ કોર્ટનું સંપૂર્ણ સન્માન કરે છે. અમારા વકીલોએ સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું, ત્યારબાદ અમે જાહેરાત આપી અને પ્રેસ કોન્ફરન્સ કરી છે. અમે આ માટે માફી માંગીએ છીએ. અમે ભવિષ્યમાં આવી ભૂલનું પુનરાવર્તન નહીં કરીએ.

૧૬ એપ્રિલે (અગાઉની સુનાવણી) બાબા રામદેવ અને બાલકૃષ્ણ ત્રીજી વખત જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અમાનતુલ્લાની બેંચ સમક્ષ હાજર થયા હતા. બાબા રામદેવ વતી તેમના વકીલ મુકુલ રોહતગીએ ત્રીજી વખત કોર્ટમાં માફી માગી હતી. રામદેવે કહ્યું- અમારો કોઈને ખોટું કહેવાનો ઈરાદો નહોતો. પતંજલિએ સંશોધન આધારિત પુરાવા માટે આયુર્વેદને તથ્યો સુધી લાવવાના પ્રયાસો કર્યા છે. હું હવેથી આ વિશે જાગૃત રહીશ. કામના ઉત્સાહમાં આમ થયું, ફરી નહિ થાય.



તેના પર સુપ્રિમ કોર્ટે કહ્યું- તમે એટલા નિર્દોષ નથી. તમારું હૃદય પરિવર્તન થયું હોય એવું પણ લાગતું નથી. તમે હજુ પણ તમારી વાત પર અડગ છો. તમને સાત દિવસનો સમય આપ્યો. અમે ૨૩ એપ્રિલે આ મામલે તપાસ કરીશું. તમે બંને (રામદેવ-બાલકૃષ્ણ) એ દિવસે પણ કોર્ટમાં હાજર રહેજો.

## આઈટી રીટર્નમાં માહિતી છુપાવનારને ટેકસની નોટીસ સાથે દંડ ભરવો પડશે

નવી દિલ્હી તા. ૨૩ :

આવકવેરા વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ એટલે કે આકારણી વર્ષ ૨૦૨૪-૨૫ માટે આવકવેરા રિટર્ન ફાઈલ કરવા માટે ઓનલાઈન અને ઓફલાઈન સુવિધા શરૂ કરી છે.

કરદાતાઓએ પણ ફાઈલ કરવાનું શરૂ કરી દીધું છે. તેની છેલ્લી તારીખ ૩૧મી જુલાઈ છે. ટેક્સ નિષ્ણાતોનું કહેવું છે કે **ITR** ભરતી વખતે સાવધાની રાખવાની જરૂર છે. ભૂલના કિસ્સામાં, વિભાગ કરદાતાને નોટિસ મોકલી શકે છે. આ ઉપરાંત, જો ટેક્સ મુકિતના દાવા અથવા વ્યવહારોમાં કોઈપણ અનિયમિતતા જોવા મળે તો દંડ પણ લાદવામાં આવી શકે છે, તેથી આવકવેરા રિટર્ન ફાઈલ કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખો.

જો તમે એક વર્ષમાં કોઈ બેંક અથવા સહકારી બેંકમાં ૧૦ લાખ રૂપિયા કે તેથી વધુ રોકડ જમા કરાવી હોય તો તેની વિગતવાર માહિતી **ITR**માં આપવી પડશે. આમ કરવામાં નિષ્ફળતા કરદાતાને આવકવેરા વિભાગની તપાસ હેઠળ મૂકશે.

## કાશ્મીરમાં ટાર્ગેટ કિલીંગ : સરકારી અધિકારીની ગોળીમારી કરપીણ હત્યા

રાજૌરી તા.૨૩

જમ્મુ-કાશ્મીરમાં ગઈકાલે થયેલા આતંકી હુમલામાં એક સરકારી અધિકારી પર ગોળીબાર કરતા સરકારી અધિકારીનું મૃત્યુ થયું હતું. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આતંકીઓએ એક વ્યકિત પર નજીકથી ગોળીબાર કર્યો હતો. જેને સારવાર માટે હોસ્પિટલે દાખલ કરાયો હતો, જયાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણકારી મળતા સુરક્ષા દળોની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આતંકીઓને પકડવા માટે પૂરા વિસ્તારની ઘેરાબંધી કરી હતી. મૃતકની ઓળખ મોહમ્મદ રજાક તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે મૃતક સમાજ કલ્યાણ વિભાગમાં જુનિયર આસિસ્ટન્ટના પદે ફરજ પર હતા.

## આવતીકાલથી ગરમીનો આકરો રાઉન્ડ આવશે

રાજકોટ,તા.૨૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભેજવાળા પવનોનાં કારણે કાળઝાળ ગરમીમાં રાહત રહી હતી. જો કે હવે આવતીકાલથી ફરી પવનની દિશા બદલાશે અને ઉત્તર પૂર્વના સુકા પવનો શરૂ થશે આથી આવતીકાલથી ફરી સર્વત્ર ગરમીમાં ક્રમશઃ વધારો થશે. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આવતી તા.૩૦ સુધી ગરમી વધશે અને ઉષ્ણતામાનનો પારો ૪૦થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી જશે.

## દાઉદી વ્હોરા સમાજનાં ધર્મગુરૂ કોણ ? આજે મુંબઈ હાઈકોર્ટ ચુકાદો આપશે

મુંબઈ તા. ૨૩ વિશ્વભરમાં વસી રહેલ દાઉદી વ્હોરા સમુદાયના વડા કોણ ? તે અંગે આજે મુંબઈ હાઈકોર્ટ પોતાનો ચૂકાદો આપનાર હોઈ ચુકાદા ઉપર સૌની નજર રહી છે અને ચૂકાદો આવે તે પહેલાં જ દાઉદી વ્હોરા સમાજમાં હલચલ મચી જવા પામી છે. દાઉદી વ્હોરા સમાજના વડા બુરહાનુદીન સાહેબના મૃત્યુ પછી તેઓની ગાદી કોણ સંભાળે તે અંગેના વિવાદમાં કેસ ચાલી રહયો છે જેનો આજે અંત આવનાર છે.

દાઉદી વોહરા સમાજના આધ્યાત્મિક પ્રમુખ બાવનમાં દાઈ અલ મુતલક સૈયદના મોહમ્મદ બુરહાનુદીન સાહેબના મૃત્યુ પછી તેમના મોટા પુત્ર સૈયદના મુફદલ સૈફુદીને પોતાના કાકા સૈયદના કુતુબુદીનના આધ્યાત્મીક પ્રમુખ એટલે કે દાઈ હોવાના દાવાથી વિપરીત વોહરા સમુદાયના દાઈના સ્વરૂપમાં પદ ભાર સંભાળેલ હતો જે પછી વિવાદ થતા દરમિયાન આ વિવાદ અંગે આજે હાઈકોર્ટ ચુકાદો આપી રહેલ છે. જેથી હવે સૈયદના મુફદલ સૈફુદીન સાહેબ કે સૈયદના તાહેર ફકરૂદીન સાહેબ આ બેમાંથી દાઉદી વોહરા સમાજના ૫૩ માં દાઈ અલ મુતલક બનશે તેનો ફેસલો આજે મુંબઈ હાઈકોર્ટ જાહેર કરશે જેના પર સમગ્ર દાઉદી વ્હોરા સમાજની મીટ મંડાયેલી છે.

## સૈન્ય અને શસ્ત્રો પર ખર્ચ કરનાર ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો દેશ

નવી દિલ્હી તા. ૨૩

સૈન્ય અને શસ્ત્રો પર ખર્ચની બાબતમાં ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો દેશ છે. કુલ ૧૦ દેશોએ સૈન્ય શસ્ત્રો પર ખૂબ ખર્ચ કર્યો છે. અમેરિકા આમાં ટોચ પર છે. સ્વીડનની સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટએ સોમવારે જાહેર કરેલા એક રિપોર્ટમાં આ વાતનો ખુલાસો કર્યો છે. રિપોર્ટ અનુસાર, વિશ્વના વિવિધ દેશો હાલમાં હથિયારો, દારૂગોળો અને અન્ય સૈન્ય સાધનો પર જેટલી રકમ ખર્ચી રહ્યા છે તેટલી રકમ અગાઉ ક્યારેય નથી થઈ.

રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૩માં સૈન્ય ખર્ચ ૨૦૨૨ની સરખામણીમાં ૬.૮ ટકા વધીને ૨૪.૪ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયો છે. જયારે ૨૦૨૨માં તે ૨૨.૪ ટ્રિલિયન હતું. રિપોર્ટ અનુસાર, ૨૦૦૯ પછી એક વર્ષમાં આ સૌથી મોટો વધારો છે અને સતત નવમા વર્ષે જ્યારે ખર્ચમાં વધારો થયો છે. આ વૃદ્ધિમાં સૌથી વધુ યોગદાન આપનાર દસ દેશોના સૈન્ય ખર્ચમાં જબરદસ્ત વધારો થયો છે. સૌથી વધુ સૈન્ય ખર્ચ કરનારા દેશોમાં અમેરિકા ટોચ પર છે અને ચીન બીજા સ્થાને છે. ૨૦૨૩ માં, અમેરિકા સંરક્ષણ પર ૯૧૬ બિલિયન ખર્ચ કરશે, જે વિશ્વભરના કુલ ખર્ચના ૩૭% કરતાં વધુ છે.

બીજા સ્થાને ચીન છે, જેનો ખર્ચ અમેરિકાનો એક તૃતીયાંશ જેટલો છે. તેણે ૨૯૬ બિલિયનનો ખર્ચ કર્યો, જે કુલ ખર્ચના ૧૨% છે. આ ૨૦૨૨ કરતાં ૬% વધુ છે. આ બંને દેશોએ કુલ ખર્ચમાં અડધો હિસ્સો આપ્યો હતો.

## રોકડ વ્યવહારો પર ચૂંટણીપંચની ચાંપતી નજર ઓનલાઈન પેમેન્ટની પણ માહિતી મળી જશે

મુંબઈ તા. ૨૩ : દેશની સેન્ટ્રલ બેંક એટલે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નોન-બેંક પેમેન્ટ ઓપરેટર્સ અથવા ઓનલાઈન પેમેન્ટ કંપનીઓ પર મોટી જવાબદારી સોંપી છે. રિઝર્વ બેન્કે આ ઓનલાઈન કંપનીઓને ચાલી રહેલી સામાન્ય ચૂંટણી દરમિયાન ઉચ્ચ મૂલ્યના વેપારી ચૂકવણીઓ પર નજર રાખવા અને તેની જાણ કરવા જણાવ્યું છે. આ એટલા માટે છે કે પૈસાથી વોટ ખરીદવાના કોઈપણ પ્રયાસને રોકી શકાય.

૧૫ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ લખેલા પત્રમાં, રિઝર્વ બેંકે પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર્સ (પીએસઓ) ને મતદારોને પ્રભાવિત કરવા અથવા ચૂંટણી ઉમેદવારોને આડકતરી રીતે નાણાં આપવા માટે ઈ-ફંડ ટ્રાન્સફર સિસ્ટમનો સંભવિત દુરૂપયોગ અટકાવવા જણાવ્યું છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે મતદારોને પ્રભાવિત કરવા માટે ચૂકવણીની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય છે. શક્ય છે કે કોઈ ઉમેદવાર અથવા રાજકીય પક્ષ મતદારોને ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરી શકે જેથી મતદાર ચોક્કસ ઉમેદવારની તરફેણમાં મત આપે.

વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે પેમેન્ટ કંપનીઓએ ખાસ કરીને ઉચ્ચ મૂલ્યની ચૂકવણીઓ અથવા શંકાસ્પદ ચૂકવણીઓ પર નજર રાખવી જોઈએ. આ ઉપરાંત, રિકરિંગ પર્સન ટુ પર્સન પેમેન્ટ્સને પણ તપાસના દાયરામાં લાવી શકાય છે. નોંધનીય છે કે **PSO**માં **Visa, MasterCard, RuPay** જેવા નેટવર્કનો સમાવેશ થાય છે.

## ૬૫ હજાર ભારતીયોએ અમેરીકન નાગરીકતા સ્વીકારી

વોશિંગ્ટન તા. ૧૩ : અમેરિકન નાગરિક બનવા માટે ભારતીયોની સંખ્યા સતત વધી રહી છે અને આ અંગે એક રિપોર્ટ પણ સામે આવ્યો છે. વર્ષ ૨૦૨૨માં ઓછામાં ઓછા ૬૫,૯૬૦ ભારતીયો સત્તાવાર રીતે અમેરિકન નાગરિક બન્યા છે અને આ સાથે ભારત અમેરિકન નાગરિકતા મેળવનારા દેશોના લોકોની સંખ્યાના સંદર્ભમાં મેક્સિકો પછી બીજા સ્થાને પહોંચી ગયું છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો






CALL : 99097 06464 મહાસાગર ટ્રાવેલ્સ ઓફિસની બાજુમાં, ગાંધી ચોક, જૂનાગઢ.

### ગેજેટ અને હાઈકોર્ટના આદેશનું ખોટું અર્થઘટન કરીને

# ભવનાથ તીર્થક્ષેત્રને યાત્રિકો મુક્ત કરવાનું બંધ

## અંબાજી મંદિરના મહંત મોટાપીરબાવા તનસુખગીરીબાપુએ ચેકપોસ્ટ અને પ્લાસ્ટીક પ્રતિબંધ મામલે ઉઠાવ્યા સવાલો : આજે કઈ વસ્તુઓ પ્લાસ્ટિક પેકીંગમાં નથી આવતી ? શું યાત્રિકોને ભવનાથમાં આવતા રોકવાનું જ આ કારસ્તાન છે ? તંત્ર જવાબ આપે





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢનું મુખ્ય તીર્થક્ષેત્ર એટલે ભવનાથ જ્યા વર્ષે લાખો યાત્રિકો દર્શન માટે આવે છે. આ વિસ્તાર ઈકોસેન્સેટિવ ઝોનમાં આવતો હોય તેની અમલવારીના નામે પ્લાસ્ટિકમુક્ત ગિરનારનું સૂત્ર લાગુ કરીને

ભવનાથને યાત્રીકોમુક્ત કરવાનું કારસ્તાન ચાલી રહ્યું હોવાનો આક્ષેપ ગિરનાર સ્થિત અંબાજી મંદિરના મહંત મોટાપીરબાવા તનસુખગીરીબાપુએ એક યાદીમાં જણાવ્યું છે કે ભવનાથ વિસ્તારને પ્લાસ્ટિકમુક્ત કરવાનું અભિયાન જે ચાલી રહ્યું છે તે આ વિસ્તારમાં આવતા યાત્રિકો માટે દુઃખદ છે. કારણ કે આજે કોઈપણ વસ્તુ ખરીદ કરો તેનું પેકીંગ મોટાભાગે પ્લાસ્ટીકમાં કરવામાં આવે છે.

ભારત સરકારનું ગેજેટ જે ૨૦૧૨ની સાલમાં જાહેર કરવામાં આવ્યું ત્યારે આ વિસ્તારને ઈકો સેન્સેટિવ ઝોન જાહેર કર્યો છે એ સાચું પરંતુ ગેજેટને સાચી રીતે સમજવાની જરૂર છે. તેમાં ક્યાંય પ્લાસ્ટિક ઉપરના પ્રતિબંધની વાત નથી માત્ર પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય નિકાલ કરવાની તાકીદ કરવામાં આવી છે. એ ઉપરાંત હાઈકોર્ટનો હુકમ પણ યોગ્ય રીતે સમજવાની જરૂર છે. તેમાં જો આવો આદેશ હોય તો સરકાર વતી હાઈકોર્ટનું માર્ગદર્શન માંગવું જોઈએ કે પ્લાસ્ટિક મુક્ત એટલે કોઈપણ વસ્તુ ન લઈ જવી કે પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય નિકાલ કરવો ? આ બાબતે તંત્ર જે અમલવારી શરૂ કરી છે તેનાથી એવું લાગી રહ્યું છે કે આવનારા સમયમાં ભવનાથ પ્લાસ્ટિકમુક્ત નહિ યાત્રીકોમુક્ત બની જશે જે એક ષડયંત્રનો ભાગ હોય તેવું લાગી રહ્યું છે. આ મામલે સરકારે યોગ્ય માર્ગદર્શન સાથે અમલવારી કરાવવી જોઈએ જો એમ નહિ થાય તો આવનારા સમયમાં સનાતન ધર્મ સાથે સંકળાયેલા તમામ સંતો મેદાનમાં ઉતરશે કારણ કે યાત્રિકો ભવનાથ તીર્થક્ષેત્રની શાન છે. તેને થતી કનડગત એ ધર્મ સાથે છેડછાડ જેવી છે માટે તંત્ર યોગ્ય નિર્ણય નહીં કરે તો સંત સમાજ મેદાનમાં ઉતરશે અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરતાં પણ અચકાશે નહીં જેની જવાબદારી વહીવટી તંત્રની અને સરકારની બની રહેશે. અંતમાં પૂજ્ય બાપુએ એક વાત એ પણ કરી કે પ્લાસ્ટિક મુકત ગિરનાર સારૂ અભિયાન છે પણ પહેલા સરકારે અને પ્રશાસને ગિરનાર અને ભવનાથની યાત્રાએ આવતા યાત્રીઓ માટે પ્રાથમિક સુવિધાઓ જેવી કે શુદ્ધ પાણી બેસવા માટેના બાંકડા અને ટોયલેટ બ્લોક વગેરે હોવા જરૂરી છે. જેમ કે અમરનાથ શબરીમાલા અને વૈષ્ણોદેવી જેવા ધર્મસ્થાનોમાં ત્યાંના મોટા મોટા સાઈન બોર્ડ છે ત્યાં તેઓએ યાત્રિકોને બધી વસ્તુઓ આસાનીથી મળી રહે છે તેવી વ્યવસ્થા ઉભી કરેલ છે. પ્લાસ્ટિક મુક્ત ગિરનાર કરતાં પહેલાં ગિરનારની યાત્રાએ આવતા યાત્રીઓ માટે ભૌતિક સુવિધાઓ ઉભી કરવાની તાકી જરૂર છે. પીવાનું પાણી પણ જો ઉપર ન મળતું હોય એ આપણી કમનસીબી છે. ઈકો સેન્સિટિવ ઝોનના નામે જૂનાગઢની પ્રજાને ઉલ્લુ બનાવવાનો પ્રયાસ થાય છે. મધ્ય ગીરમાં આવેલ સાસણગીર પણ ઈકો સેન્સિટિવ ઝોનમાં જ છે છતાં ત્યાં ફોરેસ્ટ ઓફિસની સામે તમામ ચીજો વેચી શકાય છે. સફારીમાં જનાર પ્રવાસીઓ પણ પ્લાસ્ટિકની પાણીની બોટલ જ જંગલમાં લઈને જાય છે. નિયમ એવો છે કે પ્લાસ્ટિકનો નિકાલ યોગ્ય રીતે થવો જોઈએ. એક જ રાજયના બે અભયારણ્યમાં અલગ અલગ કાયદા કેવી રીતે હોય શકે ? માત્ર ગિરનારને જ ટાર્ગેટ કરવાની સાજીશને ગંભીરતાથી નહીં લઈ એ તો ખુબ ખરાબ પરિણામ ભોગવવું પડશે તેમ જણાવેલ છે.

## શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને રંગબેરંગી ઓર્કિડ ફુલોનો દિવ્ય શણગારની સાથે કેરીનો મહાઅન્નકૂટ ધરાવાયો



સાળંગપુર, તા.૨૩ : સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તારીખ ૨૨-૦૪-૨૦૨૪ને સોમવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને રંગબેરંગી ઓર્કિડ ફુલોનો દિવ્ય શણગારની સાથે મહારાષ્ટ્રની રત્નાગીરી કેરીનો ભવ્ય અન્નકુટ કરાયો છે. ગઈકાલે સવારે શણગાર આરતી પૂજારી ધર્મકિશોર સ્વામી દ્વારા કરવામાં આવી હતી. જેના દર્શન આરતીનો લાભ હજારો હરિભક્તો લઈ ધન્યતા અનુભવી હતી. દાદાને કરાયેલાં શણગાર વિશે વાત કરતાં પૂજારી ધર્મકિશોર સ્વામીએ જણાવ્યું કે, ‘‘આજે દાદાને ૨૪૦૦ કિલો મહારાષ્ટ્રની રત્નાગીરી કેરીનો મહાઅન્નકૂટ ધરાવાયો છે. કેરીના અન્નકૂટ આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ તથા મહારાષ્ટ્રથી કુલ ૧૨૦ કિલો રત્નાગીરી કેરી આવી હતી. આ રત્નાગીરી કેરીના એક બોક્સમાં સાડા ચાર કે, પાંચ ડઝન કેરી છે. આ કેરી ભક્તોને પ્રસાદમાં આપવામાં આવશે.’’દાદાના ભક્તોએઆ અનેરા દર્શનનો પ્રત્યક્ષ તેમજ દેશ-વિદેશમાં વસતા દાદાના તમામ ભક્તજનોએ ઓનલાઈન દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

## કેશોદ : સમર્પણ હોસ્પિટલમાં લીફ્ટ તુટતા ૧નું મોત, ૪ ઈજાગ્રસ્ત

(પ્રતિનિધી દ્વારા)

કેશોદ તા.૨૩

કેશોદના સ્ટેશન રોડ પર ટ્રસ્ટ સંચાલિત આવેલ હોસ્પિટલમાં અચાનક કોઈપણ કારણોસર લીફટ મા ખામી સર્જાતા અચાનક નીચે આવતાં લિફ્ટમાં સવાર એક દર્દી સહિત પાચ લોકો ઈજાગ્રસ્ત થયાં હતાં. તાત્કાલિક લીફટ મા થી બહાર કાઢી સારવાર આપવામાં આવી હતી અને સ્નાયુઓ ની તકલીફ વાળા દર્દીઓ ને રીફર કરવામાં આવ્યાં હતાં. કેશોદના સ્ટેશન રોડ પર આવેલી સમર્પણ હોસ્પિટલમાં ટ્રસ્ટ સંચાલિત હોય રાહતદરે સારવાર આપવા



ઉપરાંત પ્રધાનમંત્રી આયુષ્ય માન કાર્ડ હેઠળ સારવાર આપવામાં આવતી હોય છે જેના કારણે દર્દીઓ નો ઘસારો વધારે હોય છે ત્યારે સાંજના સમયે બનેલી ઘટના થી દર્દીઓ ઓછાં હોય અને સદનસીબે કોઈ ગંભીર ઈજા થઈ નથી. કેશોદના સ્ટેશન રોડ પર આવેલી સમર્પણ હોસ્પિટલમાં બનેલી આકસ્મિક રીતે લીફટ તુટવાની ઘટનામાં એક લિફટમેન એક હોસ્પિટલ નો કર્મચારી અને એક દર્દી સહિત પાંચ લોકોને ઈજા પહોંચી હતી. કેશોદના મુખ્ય વિસ્તારમાં આવેલ સમર્પણ હોસ્પિટલમાં લિફ્ટ તુટવાની ઘટના બની હોવાના સમાચાર વાયુવેગે ફેલાતાં આસપાસના લોકો ઉમટી પડયા હતાં.કેશોદના સમર્પણ હોસ્પિટલમાં બનેલી ઘટનામાં વધુ સારવાર માટે જુનાગઢ રીફર કરવામાં આવેલ ઈજાગ્રસ્તમા સરમણભાઈ દેવશીભાઈ ભેડા ઉમર વર્ષ ૫૫ નું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મૃતક ગોવિંદભાઈ દેવશીભાઈ ભેડા કેશોદ તાલુકાના સરોડ ગામના હોવાનું જાણવા મળ્યું છે અને પુત્રને દવાખાને બતાવવા લાવ્યાં હતાં.

# આવતીકાલે પંચાયતી રાજ દિવસ

૧૯૯૨માં જે દિવસે ૭૩મો બંધારણીય સુધારો પસાર કરવામાં આવ્યો હતો તે દિવસની યાદમાં વાર્ષિક ઉજવણી કરવામાં આવે છે. આ કાયદો ૨૪ એપ્રિલ, ૧૯૯૩ના રોજ અમલમાં આવ્યો હતો. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે વર્ષ ૨૪ એપ્રિલના રોજ પ્રથમ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ જાહેર કર્યો હતો. ૨૦૧૦ ૨૪ એપ્રિલ ૧૯૯૩ના રોજ, પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવા માટે ભારતમાં ૧૯૯૨નો બંધારણીય (૭૩મો સુધારો) અધિનિયમ અમલમાં આવ્યો.

૧૯૫૭ માં, બળવંત રાય મહેતા સમિતિએ ગ્રામ્ય સ્તરે ત્રણ સ્તરની પંચાયતો ગ્રામ પંચાયત, બ્લોક સ્તરે પંચાયત સમિતિ અને ત્યારબાદ જિલ્લા પરિષદની ભલામણ કરી. સમિતિએ આ સંદર્ભે અનેક સૂચનો પણ કર્યા હતા પંચાયતી રાજની રચનામાં ગ્રામ પંચાયત એ સૌથી નીચું એકમ છે. તે પંચાયત સિસ્ટમ ગ્રામ્ય સ્તર (ગ્રામ પંચાયત), ગામડાઓના ક્લસ્ટરો (બ્લોક પંચાયત) અને જિલ્લા સ્તર (જિલ્લા પંચાયત)ને આવરી લે છે. પંચાયતી રાજ ગ્રામ્ય સ્તરે સરકારનું એક સ્વરૂપ છે જ્યાં દરેક ગામ તેની પોતાની પ્રવૃત્તિઓ માટે જવાબદાર છે. સમિતિની સ્થાપના થઈ ત્યારે બળવંત રાય મહેતા સંસદસભ્ય હતા. તેમને ભારતમાં પંચાયતી રાજની વિભાવનાની પહેલ કરવા અને ભારતમાં પંચાયતી રાજના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. બંધારણની કલમ ૪૦ જે રાજયની નીતિના નિર્દેશક સિદ્ધાંતોમાંના એકને સમાવિષ્ટ કરે છે તે દર્શાવે છે કે રાજ્ય ગ્રામ પંચાયતોનું આયોજન કરવા માટે પગલાં લેશે અને તેમને સ્વ-સરકારના એકમો તરીકે કાર્ય કરવા સક્ષમ બનાવવા માટે જરૂરી હોય તેવી સત્તાઓ અને સત્તાઓ પ્રદાન કરશે. પંચાયતી રાજ પ્રણાલીનું ધ્યેય સામાજિક ન્યાય સાથે સર્વસમાવેશક વિકાસ અને સેવાઓની કાર્યક્ષમ ડિલિવરી સુનિશ્ચિત કરવા જવાબદાર પંચાયતી રાજ સંસ્થાઓને સશક્તિકરણ, સક્ષમ અને સ્થાપિત કરવાનું છે. પંચાયતી રાજ મંત્રાલય દર વર્ષે ૨૪મી એપ્રિલને રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ (NPRD) તરીકે ઉજવે છે.

આ પ્રસંગ સમગ્ર દેશના પંચાયત પ્રતિનિધિઓ સાથે સીધો સંવાદ કરવાની તક પૂરી પાડે છે તેમજ તેમને વધુ સશક્ત બનાવવા અને પ્રોત્સાહિત કરવા તેમની સિદ્ધિઓને ઓળખવાની તક પૂરી પાડે છે. ભારતનું બંધારણ પંચાયતોને 'સ્વ-સરકારની સંસ્થાઓ' તરીકે માન્યતા આપે છે. ભારતમાં ત્રણેય સ્તરોમાં ૨.૬ લાખથી વધુ પંચાયતો છે. આ પંચાયતો ગ્રામ, બ્લોક અને જિલ્લા સ્તરે ગ્રાસ-રુટ વહીવટી એકમોના સામાજિક-આર્થિક વિકાસ તરફ કામ કરે છે દેશમાં પંચાયતી રાજના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ૧૯૫૭માં એક સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિના અધ્યક્ષ બળવંતરાય મહેતા હતા. સમિતિએ તેના અહેવાલમાં વિકેન્દ્રિત ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાની ભલામણ કરી છે - ગ્રામ્ય સ્તરે ગ્રામ પંચાયત, બ્લોક સ્તરે પંચાયત સમિતિ અને જિલ્લા સ્તરે જિલ્લા પરિષદ. પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs) ગુજરાતમાં એપ્રિલ ૧૯૬૩ થી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ હેઠળ અસ્તિત્વમાં આવી હતી. ૭૩મો બંધારણીય સુધારો અધિનિયમ, ૧૯૯૨ ની જોગવાઈઓને સમાવિષ્ટ કરવા માટે એપ્રિલ ૧૯૯૩ માં તેમાં સુધારો કરવામાં આવ્યો હતો.

-ડો.જી.આર.ગોહિલ

## જૂનાગઢમાં પંચહાટડી ચોક ખાતે આવેલ પંચમુખી હનુમાનજી મંદિરે હનુમાન જયંતીની થયેલ ઉજવણી



(નિલેશ નથવાણી દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢની ધર્મનગરીમાં કેટલા અતિ પ્રાચીન દેવસ્થાનો પૈકીના એક એવા શહેર મધ્યના પંચહાટડી ચોકમાં આવેલા સ્વયંભુ પ્રાગટય પંચમુખી હનુમાનજી મંદિરે આ વર્ષે પણ પરંપરાગત રીતે હનુમાન જયંતીની ઉજવણી ભાવપુર્વક કરવામાં આવી રહી છે. જૂનાગઢના પંચહાટડી ચોકમાં આવેલા પંચમુખી હનુમાનજીનો ઈતિહાસ સદીઓ પુરાણો ગણવામાં આવે છે. નવાબી કાળમાં આ સ્થળે સ્મશાન હોય પંચમુખી હનુમાન મંદિરને ઘણા લોકો મસાણીયા હનુમાન તરીકે પણ ઓળખે છે. હનુમાન દાદાના પરચાઓ અને તાત્કાલીક મનોકામના પુરી થાય તેવી આસ્થા સાથે પંચમુખી હનુમાન મંદિરે દરરોજ હજારો ભાવીકો માથું ટેકવવા આવે છે અને પછી જ પોતાના ધંધા રોજગાર ઉપર જાય છે. પંચમુખી હનુમાન મંદિરે હનુમાન જયંતી નિમિતે આજે સવારે ૬ વાગ્યે મંગળા આરતી, દાદાને ચૌલા શણગાર સવારે ૧૦:૩૦ દાદાને ફુલહારનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ થાળનો ચડાવો, મહાપ્રસાદ અન્નકોટનો ભોગ તથા આરતી કરવામાં આવી હતી. સવારે ૧૦:૩૦થી રાત્રે ૯:૩૦ સુધી આખો દિવસ થાળના દર્શન ખુલ્લા રહેશે. વધુમાં આજે તા.૨૩-૪-૨૪ મંગળવાર હનુમાન જયંતીના દિવસે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમાં મંગળા આરતી, ચૌલા દર્શન, અન્નકુટ, સુંરદકાંડના પાઠ, હનુમાન ચાલીસા સહિતના ધાર્મીક અનુષ્ઠાનો સાથે લાભ લેવા પંચમુખી હનુમાનજી મંદિર પંચહાટડી ચોકના પુજારી વસંતાબાપુ (૯૯૨૫૦ ૮૭૨૫૮)ની યાદીમાં જણાવાયું છે.

## જૂનાગઢ લોકસભાની બેઠક ઉપર છ અપક્ષ સહિત ૧૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ લોકસભાની બેઠક ઉપર છ અપક્ષ સહિત કુલ ૧૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાવાનો છે. ગઈકાલે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના દિવસે જૂનાગઢ બેઠક ઉપર સત્યવાદી રક્ષક પાર્ટીના ઉમેદવાર અને ત્રણ અપક્ષ મળી કુલ ચાર ઉમેદવારોએ ઉમેદવારી પત્રક પરત ખેંચ્યું હતું. જૂનાગઢ લોકસભાની બેઠકનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયું છે.

જેમાં કુલ ૧૧ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા છે. જેમાં રાજેશ ચુડાસમા (ભાજપ), હિરાભાઈ જોટવા (કોંગ્રેસ), જયંતિલાલ માકડીયા (બસપા), ઈશ્વરભાઈ સોલંકી (રાઈટ ટુ રીકોલ), અલ્પેશભાઈ ત્રાંબડીયા (લોગ પાર્ટી), દાનસીંગ વાઢેર (અપક્ષ), આરબભાઈ સુમરા (અપક્ષ), ભાવેશભાઈ બોરીચાંગર (અપક્ષ), નાથાભાઈ ડાકી (અપક્ષ), દેવેન્દ્રભાઈ મોતીવારસ (અપક્ષ), ગોર્ધનભાઈ ગોહેલ (અપક્ષ) વિગેરે વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે તેમ જાણવા મળે છે.

માણાવદર વિધાનસભા પેટા ચૂંટણીમાં ચાર ઉમેદવારો વચ્ચે જંગ

ગઈકાલે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના દિવસ હતો. ત્યારે માણાવદર વિધાનસભા પેટા ચૂંટણી માટે ચાર ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા હતા અને કોઈ ફોર્મ પરત ખેંચાયું ન હતું. માણાવદર વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર અરવિંદભાઈ લાડાણી, કોંગ્રેસના ઉમેદવાર હરીભાઈ કણસાગરા, અપક્ષ ઉમેદવાર મહેશભાઈ પરમાર અને ઉમેદભાઈ સોલંકી વચ્ચે ચૂંટણી થશે.

## મેંદરડા અને કેશોદ પંથકમાં સીમ ચોરી કરતી તસ્કર બેલડી ઝડપાઈ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

મેંદરડા, કેશોદ પંથકમાં ૫૦થી વધુ સીમ ચોરી કરનાર ટીકરની તસ્કર બેલડીને મેંદરડા પોલીસે ઝડપી લઈ સોયાબીન, મગફળી સહિત ૨.૨૪ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. મેંદરડા તાલુકાનાં રાજેસર, રાજાવડ, સમઢીયાળા સહિતના ગામોના ખેતર, વાડીમાંથી ૫ અને કેશોદ સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ તસ્કરોએ ખેડુતોને પરેશાન કર્યા હતા. તસ્કરોને ઝડપી લઈ ચોરીનો ભેદ ઉકેલવા, પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા, એસ.પી. હર્ષદ મહેતાની સુચનાથી ડીવાયએસપી હિતેષ ધાંધલ્યાનાં માર્ગદર્શનમાં મેંદરડાનાં મહિલા પીએસઆઈ એસ.એન. સોનારા અને ટીમનાં અરવિંદ હેરભા, શૈલેષ સોંદરવા, મેરામણભાઈ, કમલેશ પાથર, વગેરેએ તપાસ હાથ ધરી રાત દિવસ એક કરી પેટ્રોલિંગ દરમ્યાન વંથલી તાલુકાનાં ટીકર ગામનો ફીરોઝ ઈસ્માઈલ સાંધ અને અબ્દુલ ઉર્ફે અબુ જુમા સાંધને ઈલેકટ્રીક બાઈક, ઘરઘંટી, ગેસનો બાટલો, ઘઉ, સોયાબીન મગફળી, એરંડા, સીલાઈ મશીન સહિત રૂપિયા ૨.૨૪ લાખનો મુદામાલ કબ્જે કરવામા આવ્યો હતો. રાત્રીના સમયે અત્યાર સુધીમાં ૫૦ કરતા વધારે ખેતર કે વાડીએ ખુલ્લામાં પડેલ ઘંઉ, સોયાબીન સહિતની નાની વસ્તુઓની ચોરી કરી હોવાની કબુલાત બંને શખ્સે દરમ્યાન કરી હતી. અન્યની સંડોવણી છે કે કેમ સહિતના મુદે પીએસઆઈ સોનારાએ વધુ તપાસ, પૂછપરછ હાથ ધરી છે. આ અંગે ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાએ જણાવ્યું હતું કે, ૫૦ કરતા વધારે ચોરીમાં પકડાયેલ બંને શખ્સે દોઢ વર્ષ અગાઉ જીવન નિર્વાહ માટે મજૂરી કામ કરવું પડે નહીં તે માટે કેરીના બગીચામાંથી ચોરીની શરૂઆત કરી હતી. મોટાભાગે વાડી, ખેતરમાંથી નાની નાની ચીજ વસ્તુઓની ચોરી કરતા હતા. દિવસે રેકી કરી રાત્રે છકડો રિક્ષામાં ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ના મુદ્દામાલની ચોરીને અંજામ આપતા હતા.

## જૂનાગઢ પંથકમાં પરિણીત યુવતીને મરવા માટે મજબુર કરવા અંગે તેના પતિ વિરૂધ્ધ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

ભેસાણ ચોકડી પાસે આવેલા ઓઈલ મીલના એક કારખાનામાં આવેલ ઓરડીમાં પરિણીત યુવતીએ ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યાના બનાવ અંગે મૃતક યુવતીના પિતાએ પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં યુવતીના પતિએ મરવા માટે મજબુર કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, છોટા ઉદેપુર તાલુકાના ચઠાવાડા ગામે રહેતા ચિમળીયાભાઈ ગમલાભાઈ રાઠવા (ઉ.વ.૪૮)એ આ કામના આરોપી કેશુભાઈ ધોળીયાભાઈ રાઠવા(હાલ રહે. ભેસાણ ચોકડી પાસે, લક્ષ્મી ઓઈલ મીલ) વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ગત તા.૧૬-૪-૨૦૨૪ કલાક ૪:૪૫ પહેલા કોઈપણ સમયે ભેસાણ ચોકડી પાસે આવેલ લક્ષ્મી ઓઈલ મીલના કારખાનામાં આવેલ ઓરડી નં-૩માં બનેલા બનાવ અંગે જણાવેલ છે કે, આ કામના આરોપી કેશુભાઈ ધોળીયાભાઈ રાઠવાએ માનસિક દુઃખત્રાસ આપી હેરાન પરેશાન કરી મરવા મજબુર કરતા ફરિયાદીની દિકરી શારદીબેન(ઉ.વ.૨૦)એ કંટાળી જઈ અને પોતાની મેળે ગળાફાંસો ખાઈ અને જીવનનો અંત આણી લીધો હોવાનું ફરિયાદમાં જણાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૦૬ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.ડી. દેસાઈ ચલાવી રહ્યા છે.

### ભાટિયામાં મંજૂરી વગર હથિયાર સાથે નિવૃત્ત ફૌજી ઝડપાયો

ખંભાળીયા તા. ૨૩

કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામે રહેતા નિવૃત ફોજી નરેન્દ્રભાઈ રામદેભાઈ કરંગીયાને રૂપિયા ૩૨ હજારની કિંમતનું ડબલ બેરલ હથિયાર રાખી અને તેની શરતો નિયમોનું ઉલ્લંઘન કરવા સબબ અટક કરી છે.

### જૂનાગઢમાં હનુમાન જયંતિ નિમિતે બટુક ભોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

શ્રી સમસ્ત લુહાર જ્ઞાતી સમાજ શ્રી સોરઠીયા લુહાર જ્ઞાતિ ટ્રસ્ટ જૂનાગઢ સંઘાડીયા બજાર, ઝાલોરાપા ખાતે શ્રી રામ મંદિર લુહાર સમાજમાં હનુમાન જયંતિ નિમિતે બટુક ભોજન રાખેલ છે. આ કાર્યક્રમ સાંજે ૬ થી ૯ વાગ્યા સુધી યોજાઈ રહ્યો છે ત્યારે તમામ લુહાર સમાજને ભાવભર્યું આમંત્રણ આપવામાં આવેલ છે

# જૂનાગઢની વિદ્યાર્થીનીઓએ 'યોગ' દ્વારા માનવ સાંકળ બનાવી મતદાનનો સંદેશ રજૂ કર્યો



જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ શહેરની ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓએ વોટ ફોર જૂનાગઢની હ્યુમન ચેન તેમજ યોગ નિદર્શનના માધ્યમથી મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો હતો. જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસિયાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિના અનેકવિધ કાર્યક્રમો થકી લોકોને મતદાન કરવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે જૂનાગઢ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે વિદ્યાર્થીનીઓએ વોટ ફોર જૂનાગઢની માનવ સાંકળ દ્વારા મતદાન જાગૃતિનો પ્રેરક સંદેશો આપ્યો હતો. આ સાથે જ યોગનિદર્શન પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શાળાની વિદ્યાર્થીઓને તેમના માતા-પિતા તેમજ આજુબાજુમાં રહેતા પરિવારજનોને પણ મતદાન માટે પ્રોત્સાહિત કરવા અનુરોધ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ સ્વીપ નોડલ ઓફિસર શ્રી લતાબેન ઉપાધ્યાયના માર્ગદર્શનમાં યોજાયો હતો. આ તકે જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી નીતાબેન વાળા, શ્રી જીગ્નેશભાઈ મહેતા, શાળાના સ્ટાફગણ, અને યોગ કોચ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# એક સાથે બે મહાદાન, રક્તદાનની સાથે મતદાનનો સંકલ્પ કરાયો

જૂનાગઢ તા.૨૩

આગામી ૭ મેંના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજનાર છે, જેને અનુલક્ષીને જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયી રહ્યા છે.

જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં અનોખી રીતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. રકતદાન કેમ્પમાં મતદાન જાગૃતિના માટે 'લોકશાહી આપણાથી વોટ કરો ગર્વથી', 'આવો મળીને પ્રતિજ્ઞા કરીયે કે આ વખતે તો મતદાન કરવો જ છે'. જેવા સૂત્રોના બેનરો લગાવી લોકોને આકર્ષિત કર્યા હતા તેમજ કેમ્પમાં ઉપસ્થિત રક્તદાતા મતદાતા બને અને અન્ય લોકો પણ મહત્તમ મતદાન કરે તેવી અપીલ કરી હતી. વધુમાં સ્ટાફ નર્સ ભાઈઓ, બેહનો દ્વારા ઉપસ્થિત લોકોને મતદાનના દિવસે હેલ્થ તકેદારી વિશે પણ અવેર કરવામાં આવ્યા હતા. આ તકે તાલુકા શિક્ષણ અધિકારી વિમલભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.



# જનરલ ઓબ્ઝર્વર મહંમદ ઝુબેર અલી હાશમીની અધ્યક્ષતામાં ચૂંટણી સ્ટાફનું બીજુ રેન્ડેમાઈઝેશન કરાયું

**ચૂંટણી સ્ટાફની ટીમનું ફોર્મેશન થયું : હવે પછીના રેન્ડેમાઈઝેશનમાં ક્યા મતદાન મથક પર ફરજ બજાવશે તે નક્કી થશે**



જૂનાગઢ તા.૨૩

જનરલ ઓબ્ઝર્વર મહંમદ ઝુબેર અલી હાશમીની અધ્યક્ષતામાં અને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાની દેખરેખમાં ચૂંટણી સ્ટાફનું બીજું રેન્ડેમાઈઝેશન કરવામાં આવ્યું છે. આ રેન્ડેમાઈઝેશનના માધ્યમથી ચૂંટણી પ્રક્રિયામાં ફરજ બજાવનાર અધિકારી-કર્મચારીઓની ટીમનું ફોર્મેશન થયું છે.

આ રેન્ડેમાઈઝેશન દ્વારા ચૂંટણી સ્ટાફ ક્યાં વિધાનસભા મતવિસ્તારમાં ફરજ બજાવશે તે ઉપરાંત પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર-૧ અને પોલિંગ ઓફિસરની ટીમનું ફોર્મેશન થયું છે. હવે પછીના એટલે કે ત્રીજા રન્ડેમાઈઝેશનમાં આ ટીમ કયા મતદાન મથક ઉપર ફરજ બજાવશે તે નક્કી થશે.

આ રેન્ડેમાઈઝેશન પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક રીતે માનવીય હસ્તક્ષેપ વગર કોમ્પ્યુટર આધારિત સોફટવેરના માધ્યમથી સંપન્ન કરવામાં આવી હતી. આ રેન્ડેમાઈઝેશન દરમ્યાન નિવાસી અધિક કલેકટર અને મેનપાવર નોડલ ઓફિસર એન. એફ. ચૌધરી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી હર્ષ પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

# જૂનાગઢમાં સિનિયર સિટીઝન મંડળ તા.૭મી મેએ અચૂકપણે મતદાન કરવા માટે થયું સંકલ્પબદ્ધ

## સિનિયર સિટીઝનોએ અચૂક મતદાન કરવાની સાથે અન્ય મતદારોને મતદાન માટે પ્રોત્સાહિત કરશે

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢનું સિનિયર સિટીઝન મંડળ મતદાન કરવાની સાથે અન્ય મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરશે. આ મંડળના વરિષ્ઠ નાગરિકો તા.૭મી મે એ અચૂક મતદાન કરવા માટે સંકલ્પબદ્ધ થયા છે.

જૂનાગઢમાં ભરડાવાવ પાસે આવેલ માળી જ્ઞાતિની વાડીમાં આયોજિત એક કાર્યક્રમમાં સિનિયર સિટીઝન મંડળના સભ્યોએ નિર્ભયતાપૂર્વક, ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારનાથી પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાયે વરિષ્ઠ નાગરિકોને મતદાન અચૂક મતદાન કરવા માટે અનુરોધ કર્યો હતો આ સાથે તેમણે અન્ય મતદારોને પણ મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. ઉપરાંત હિટવેવને ધ્યાનમાં રાખી વહેલી સવારે એટલે કે ઠંડા પહોરના મતદાન કરવા જવા માટે સવિશેષ અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં સ્વીપ અંતર્ગત જુદા-જુદા મતદાન જાગૃતિના કાર્યક્રમના માધ્યમથી લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે સિનિયર સિટીઝન મંડળના પ્રમુખ જે. બી. માંકડ ઉપપ્રમુખ રશ્મીબેન વિઠલાણી, કાર્યકારી પ્રમુખ રમેશભાઈ મહેતા તથા વજુભાઈ હિરપરા સહિતના ભાઈઓ - બહેનો વરિષ્ઠ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# માંગરોળમાં પાણી પ્રશ્ને પ્રજા ત્રાહીમામ : તાત્કાલિક નિવારણ લાવવા માંગ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ. તા.૨૩

માંગરોળમાં પાણીના પ્રશ્ને પ્રજામાં ઘુઘવાટ સર્જાયો છે. ઉનાળાના પ્રારંભે જ પાણી પુરૂ પાડતા ન.પા.ના કુવા ડુકી ગયા છે. તો બીજી તરફ પા.પુ. બોર્ડ દ્વારા તદન અપુરતુ અને અનિયમિત પાણી મળતાં હાલ શહેરમાં અનેક વિસ્તારોમાં નવ દિવસથી પાણી મળ્યું નથી. પાણીના સંગ્રહ માટે કોઈ સુવિધા ન ધરાવતા પરિવારોની સ્થિતિ કફોડી બની છે. પાણીની કારમી તંગી સર્જાતા નેતાઓ સામે નારાજગી વ્યક્ત થઈ રહી છે. દર વર્ષની જેમ શહેરને પાણી પુરૂ પાડતા ન.પા. હસ્તકના કુવાઓમાં પાણી ખૂટી જતાં પાણીની અછત સર્જાઈ છે. હાલ ઉલાળે આવેલા કુવાઓમાંથી બે દિવસે માંડ પાંચ થી સાત લાખ લીટર પાણી મળે છે. જેમાંથી ફક્ત ત્રણ ઝોનને પાણી પુરૂ પાડી શકાય છે. દરરોજ ૬૦ લાખ લીટર પાણી ઉપલબ્ધ થાય તો પણ શહેરના ૪૧ ઝોનમાં તબક્કાવાર છ થી સાત દિવસે પાણી વિતરણ થઈ શકે. આ સ્થિતિમાં જેના પર મોટો આધાર છે તે પા.પુ. બોર્ડ દ્વારા આપવામાં આવતો મહી - પરીએજના પાણીનો જથ્થો પણ તદન અનિયમિત અને અપુરતો છે. ન.પા.ના સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા દસ દિવસમાં પા.પુ. બોર્ડ દ્વારા બે વખત ૩૫ લાખ અને બે વખત ૩૦ લાખ લીટર પાણી મળ્યું છે. પાણીની ઘેરી તંગી વચ્ચે જરૂરીયાતના પ્રમાણમાં આ જથ્થો અપૂરતો છે. પરિણામે પાણી વિતરણ ખોરંભાઈ જતા શહેરમાં મોટાભાગના વિસ્તારોમાં બૂમરાડ ઉઠી છે. પાણીની તંગીની સ્થિતિ અંગે સ્થાનિક નેતાઓ અજાણ(!) હોવાનો લોકોમાં ગણગણાટ શરૂ થયો છે. ગરીબ અને પછાત વિસ્તારોમાં પાણીના સંગ્રહની કોઈ વ્યવસ્થા ન હોય તેવા લોકોની હાલત દયનીય બની છે. મોટાભાગની ડંકીઓ (હેન્ડપંપ) બંધ હાલતમાં છે. પાયાની જરૂરિયાત એવા પાણી માટે પ્રજા વલખાં મારી રહી છે. માંડ બે ટંકનું પુરૂ કરતા પરિવારોને પાણી વેચાતું લેવું પડી રહ્યું છે ત્યારે ન.પા. અને પા.પુ.બોર્ડ વચ્ચે સંકલનનો અભાવ અને નેતાઓ ચૂંટણીમાં વ્યસ્ત હોવાના ઉપસેલા ચિત્ર વચ્ચે યોગ્ય આયોજન થકી પાણીના પ્રશ્નનું તાત્કાલિક નિવારણ લાવવા માંગ ઉઠી છે.

# સમસ્ત વાળંદ સમાજ માંગરોળ દ્વારા શ્રી લીંબોચ ભવાની માતાજીનો પ્રાગટ્ય દિવસ ઉજવાયો

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૩

તારીખ ૧૬/૪/૨૦૨૪ ને મંગળવારના રોજ શ્રી માંગરોળ સમસ્ત વાણંદ સમાજ દ્વારા બોહળી સંખ્યામાં જ્ઞાતિજનો દ્વારા ધંધા રોજગાર બંધ રાખી માતાજીના હવન અને સમુહ ભોજન નું આયોજન કરવામાં આવેલ હતું અને શ્રી લીંબોચ ભવાની માતાજીના પ્રાગટ્ય દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવેલ તેમજ સમૂહમાં માતાજીની આરતી કરવામાં આવેલી ઉત્સવ દરમિયાન પ્રમુખ શ્રી મનસુખભાઈ જી. વૈષ્ણવ તેમજ ઉપ-પ્રમુખ શ્રી વનુભાઈ જી. સોનારીયા દ્વારા વર્ષ ૨૦૨૩ ૨૪ નો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવેલ.



# મેંદરડાના અરણીયાળા ગામે નેત્રયજ્ઞ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા        મેંદરડા, તા.૨૩

મેંદરડા તાલુકાના અરણીયાળા ગામના પટેલ સમાજ ખાતે નેત્રમણિ આંખની હોસ્પિટલ મેંદરડા દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૧૦૦થી વધારે લોકોએ લાભ લીધો હતો અને આ કેમ્પમાં આગેવાન પ્રભાતભાઈ, કૈલાશભાઈ, ગોકળભાઈ, ભીખુભાઈ, પત્રકાર નિરંજન પુરોહિત અને ગામ લોકોએ આભાર વ્યક્ત કરેલ હતો.

## અમદાવાદમાં ઐતિહાસિક જૈન દીક્ષાનો મહામહોત્સવ

# ૩૫ મુમુક્ષુઓએ સંસારી વેશ ત્યજીને ભગવાન શ્રી મહાવીરનો વેશ અંગિકાર કર્યો



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ શહેરના પાંચસો વર્ષના ઈતિહાસમાં પહેલી વખત એક જ મંડપ હેઠળ ૩૫ જૈન દીક્ષાનો મહોત્સવ દીક્ષાના મહાનાયક પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના પવિત્ર હાથે સંપન્ન થયો હતો. સાબરમતી રિવર ફ્રન્ટ ઉપર આશરે ત્રણ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં નિર્માણ કરવામાં આવેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં વહેલી સવારે ૫.૩૦ કલાકે દીક્ષાની મંગળ વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે ૩૦,૦૦૦ની ક્ષમતા ધરાવતો મુખ્ય મંડપ હકડેઠઠ ભરાઈ ગયો હતો. ૧૫ આચાર્ય ભગવંતો તેમ જ આશરે ૪૦૦ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોની છત્રછાયામાં સવારે ૭.૩૫ કલાકે ૩૫ મુમુક્ષુઓને સાધુજીવનના પ્રતિક સમાન ઓઘો અર્પણ કરવાની વિધિ શરૂ કરવામાં આવી હતી. ૨૫ મિનિટમાં પૂજ્ય આચાર્ય ભગવંતોના હસ્તે ૩૫ મુમુક્ષુઓને ઓઘો અર્પણ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૫ ભાઈઓ હતા અને ૨૦ બહેનો હતાં. દીક્ષાર્થીઓના હાથમાં ઓઘો આવ્યા પછી તેમણે પરમાત્માને વંદન કર્યા હતા અને ત્રણ પ્રદક્ષિણા દઈને મન મૂકીને આનંદ વ્યક્ત કર્યો હતો.

ઓઘો અર્પણ થયા પછી મુમુક્ષુઓ તેમના જીવનનું અંતિમ સ્નાન કરવા અને સાધુ-સાધ્વીજી વેશ અંગિકાર કરવા ગયા હતા. ટૂંક સમયમાં તેઓ સંસારી વાઘાં ઊતારીને સાધુજીવનનાં શુભ્ર-શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને સ્ટેજ પર આવ્યા તે પછી શુભ મૂહુર્તે લોચની વિધિ કરવામાં આવી હતી અને ૩૫ મુમુક્ષુઓનાં સંસારી નામો રદ્દ કરીને સાધુજીવનનાં નૂતન નામો આપવામાં આવ્યાં હતાં. જૈનોના પાટનગર અમદાવાદમાં ૩૫ દીક્ષાના મહોત્સવનો પ્રારંભ તા. ૧૮ એપ્રિલે ગુરૂ ભગવંતોના ભવ્ય સામૈયાં સાથે શરૂ થયો હતો. રવિવાર, તા. ૨૧ એપ્રિલના મુમુક્ષુઓની વર્ષીદાન યાત્રા કાઢવામાં આવી હતી. વર્ષીદાન યાત્રા બાદ મુમુક્ષુઓને સાધુજીવન માટે ઉપયોગી વિવિધ ઉપકરણો વહોરાવવા માટેની કરોડો રૂપિયાની ઉછામણી બોલાવવામાં આવી હતી. તા. ૨૨ એપ્રિલના વહેલી સવારે ૪.૩૨ કલાકે ૩૫ મુમુક્ષુઓને કપાળે વિદાયતિલક કરીને તેમના નિવાસસ્થાનેથી વિદાય કરતાં એવી ભાવના ભાવવામાં આવી હતી કે તેઓ મોહરાજા સામેની લડાઈમાં વિજય પ્રાપ્ત કરીને મોક્ષગામી બને.

૩૫ મુમુક્ષુઓ હાથમાં શ્રીફળ લઈને દીક્ષા મંડપમાં આવ્યા તે પછી તેમણે સ્ટેજ ઉપર બનાવવામાં આવેલાં સમોવસરણમાં પરમાત્માને વંદન કરીને ત્રણ પ્રદક્ષિણા આપી હતી અને ગુરુ ભગવંતોને વિધિસર વંદન કર્યા હતા. ત્યાર બાદ તેમણે ગુરુ ભગવંતને બે હાથ જોડીને નીચે મુજબ ત્રણ વિનંતીઓ કરી હતી.

(૧) મમ મુંડાવેહ : મારા દોષોને દૂર કરવા પ્રતિમાત્મક રીતે મારું મુંડન કરો.

(૨) મમ પવ્વાવેહ : મને પ્રવ્રજ્યાનું પ્રદાન કરીને પ્રકર્ષપણે સંસારથી દૂર લઈ જાઓ.

(૩) મમ વેશં સમ્મપેહ : મને મોહ સામે લડવાના સરંજામરૂપ સાધુવેશ અર્પણ કરો.


આ રીતે મુમુક્ષુઓ દ્વારા માગણી કર્યા પછી ગુરુ ભગવંતે તેમને ઓઘો અર્પણ કર્યો હતો.

ઓઘો અર્પણ થયા પછી મુમુક્ષુઓ સ્નાન કરીને સાધુવેશમાં સજ્જ થઈને પાછા ફર્યા હતા. ત્યાર બાદ મુમુક્ષુઓને ગુરૂ ભગવંત દ્વારા લોચની વિધિ પ્રતિકાત્મક રીતે કરવામાં આવી હતી.ત્યાર બાદ તેમને સાધુજીવનના પ્રથામ સોપાન જેવી તથા સર્વ પાપોના આજીવન ત્યાગ સમાન સર્વવિરતિ ધર્મની નીચે મુજબની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી : "કરેમિ ભંતે સામાઈયં, સવ્વં સાવજ્જં જોગં પચ્ચકખામિ, જાવ જીવાએ પજ્જુવાસામિ, તિવિહં, તિવિહેણં, મણેણં, વાયાએ, કાયેણં, ન કરેમિ, ન કારવેમિ, કરંતં અપિ અન્નં ન સમુજ્જાણામિ, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ." દીક્ષાની વિધિના અંતિમ ચરણમાં ૩૫ મુમુક્ષુઓનાં સંસારી નામો કાયમ માટે રદ્દ કરીને તેમને સાધુજીવનનાં નવાં નામો જાહેર કરવામાં આવ્યાં હતાં. પાંચ દિવસના દીક્ષા મહોત્સવનો લાભ અમદાવાદના પાંચ લાખથી વધુ જૈનો દ્વારા લેવામાં આવ્યો હતો.

# સારંગપુરમાં પ.પૂ. મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ઐતિહાસિક ફૂલદોલ ઉત્સવ ઉજવાયો

## ફૂલદોલ રંગોત્સવમાં ૭૫૦૦૦ હરિભક્તો અધ્યાત્મ અને કેસુડાના રંગે રંગાયા






(પ્રતિનિધિ દ્વારા)

સારંગપુર તા.૨૩

ભગવાન સ્વામિનારાયણે વડતાલ, ગઢપુર, સારંગપુર, અમદાવાદ એવા વિવિધ સ્થળોએ ફૂલદોલના સમૈયાઓ કરીને ભક્તોને સ્મૃતિઓ આપીને ગુજરાતની ધરાને ભક્તિભીની કરી હતી. તેની કાયમી સ્મૃતિ માટે આ સમૈયો દર વર્ષે સારંગપુર ખાતે ઉજવાતો આવ્યો છે. પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજ દર વર્ષે ફૂલદોલનો ઉત્સવ સારંગપુર ધામધૂમપૂર્વક ઉજવાતા જેની સ્મૃતિઓના આજે પણ સૌ કોઈ સાક્ષી છે. તેઓ આશીર્વાદ આપતાં કહેતા કે, દુનિયાના રંગે તો બધા રંગાઈ છે પણ આપણે ભગવાનના રંગે રંગાવવાનું છે. એજ પરંપરામાં પ.પૂ.મહંતસ્વામી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં આ વર્ષે આજના દિવસે આ ફૂલદોલ ઉત્સવ ભવ્યતાપૂર્વક ઉજવાયો હતો જેમાં દેશ-પરદેશથી ૭૫૦૦૦ હરિભક્તો આ પ્રસંગે લાભ લેવા પધાર્યા હતા. વહેલી સવારથી જ સમગ્ર સારંગપુર ગામ હિલોળે ચડ્યું હતું. હરિભક્તોના વિશાળ પ્રવાહથી સારંગપુર મંદિર પરિસર ઊભરાતું હતું. પરદેશથી અને ભારતના વિવિધ પ્રાંતોમાંથી પણ હરિભક્તો રંગોત્સવ નિમિત્તે સારંગપુરમાં ઉમટ્યા હતા. આટલી મોટી સંખ્યામાં આવનાર હરિભક્તોની વ્યવસ્થા પણ સુંદર રીતે કરવામાં આવી હતી. ૩૦ જેટલા સેવાવિભાગોમાં ૮૦૦૦ સ્વયંસેવક-સેવિકાઓ ખડેપગે ઊભા રહીને સેવા કરી રહ્યા હતા. હરિભક્તોની સુવિધા માટે થોડા થોડા અંતરે પૂછપરછ કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિવિધ સેવા વિભાગોમાં સંતો-ભક્તોએ ઉપવાસ-વ્રત કરતાં કરતાં તનતોડ સેવા કરી હતી. હરિભક્તો મંદિર પરિસરમાં દર્શન કરી બી.એ.પી.એસ. વિધામંદિરના પ્રાંગણમાં પ્રવેશ કરી રહ્યા હતા. ત્યાં ૧૦ લાખ ચોરસફૂટ ભૂમિને સ્વચ્છ અને સમથળ કરીને સભામંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. સાંજે ૫:૪૫ વાગે જ્યારે ફૂલદોલ ઉત્સવની મુખ્ય સભાની શરૂઆત થઈ ત્યારે સભાસ્થળ હરિભક્તો-ભાવિકોથી ઉભરાતું હતું. સભામાં પ્રવેશ પ્રાપ્ત કરતા જ તમામ હરિભક્તોને આનંદની અનુભૂતિ થતી હતી. વિશાળ મંચ પર પ.પૂ.મહંતસ્વામી મહારાજે કરેલ યુગકાર્યો રોબીન્સવીલ અક્ષરધામ તથા અબુધાબીમાં નિર્મિત ભવ્ય હિન્દુ મંદિરની પ્રતિકૃતિઓ મંચની પીછવાઈમાં શોભી રહી હતી. આ સાથે જ સંસ્થાની વિવિધ સામાજિક સેવાઓમાં અગ્રેસર રહી કાર્ય બજાવતાં કાર્યકરોની સ્મૃતિઓ મંચ પર કંડારવામાં આવી હતી. આ સંદેશને અનુરૂપ સંસ્થાના સદગુરૂવર્ય સંતો પૂ. વિવેકસાગર સ્વામીએ બી.એ.પી.એસ. સંસ્થાના પાયામાં રહેલા કાર્યકરોના સમર્પણ અને બલિદાનને કાર્યકર સુવર્ણ મહોત્સવ વર્ષે બિરદાવ્યું હતું. બી.એ.પી.એસ. સંસ્થાના આંતરરાષ્ટ્રીય કન્વીનર પૂ. ઈશ્વરચરણ સ્વામીએ આવનારી ચૂંટણીઓને અનુલક્ષીને રાષ્ટ્રનો ઉત્કર્ષ અને વિકાસ માટે દરેક નાગરિકની ફરજ રૂપે મતદાન કરવા અનુરોધ કર્યો હતો. અને પૂ. ડોક્ટર સ્વામીએ આજના ફૂલદોલ ઉત્સવના મધ્યવર્તી વિચાર 'અંતર અક્ષરધામ' વિષયક હૃદયસ્પર્શી અને મનનીય પ્રસંગો કહ્યા હતા. પ.પૂ. મહંતસ્વામી મહારાજે રંગોત્સવ પર્વે આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, 'આપણે સૌ દિવ્ય અને અંતરના રંગે રંગાવા માટે અહીં આવ્યા છીએ. બહારના રંગ એક વાર ચડે ને પછી ઉતરી જાય પરંતુ આ રંગ એક વાર ચડે પછી ઉતરે જ નહિ. અંતરના રંગે રંગાવા ભગવાનની પ્રાપ્તિનો વિચાર કરવો.' ત્યારબાદ ઉત્સવની ચરમસીમા આવી, જેમાં પ.પૂ.મહંતસ્વામી મહારાજે અક્ષરપુરૂષોત્તમ મહારાજનું પૂજન કરી, તેમને પિચકારીથી રંગે રંગ્યા હતાં. ત્યારબાદ ઉપસ્થિત તમામ સંતો અને હરિભક્તોએ આરતી અર્ધ્ય અર્પણ કર્યું હતું. પ.પૂ. મહંતસ્વામી મહારાજે પ્રસાદીના રંગથી સૌ પ્રથમ વડીલ સદગુરૂ સંતોને રંગ્યા હતા અને સંતોએ કલાત્મક હારતોરાથી તેઓને વધાવ્યા હતા.

ત્યારબાદ શરૂઆત થઈ અવિસ્મરણીય રંગોત્સવની જેમાં હરિભક્તો પંક્તિબદ્ધ થઈ આનંદમાં ઝૂમતાં ઝૂમતાં સ્વામીશ્રીની સન્મુખ આવતા હતા. સ્વામીશ્રી તેમને મંચની સમીપ પધારી વિવિધ ૬ આધુનિક પિચકારી દ્વારા રંગમાં તરબોળ કરતા હતા. આ રીતે ઉપસ્થિત તમામ હરિભક્તોને પ.પૂ.મહંતસ્વામી મહારાજે પિચકારીથી કેસુડાના રંગે અને અધ્યાત્મના રંગે રસ તરબોળ કર્યા હતા. સૌના મુખ ઉપર રંગે રંગાયાની પ્રસન્નતા દેખાતી હતી. સમગ્ર પરિસરમાં આનંદ, ઉત્સાહ અને ભક્તિભાવનાં તરંગો ઝિલાઈ રહ્યાં હતાં. આ વિશાળ ઉત્સવ બી.એ.પી.એસ. સંસ્થાના સંતો અને હરિભક્તોના કુશળ આયોજનથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### શ્રી સરદાર પટેલ ભવન દિલ્હી ખાતે

# ભારતના ઇન્ટરપોલ સેક્રેટરી પ્રવીણકુમાર સિંહા સાથે શ્રી સત્યમ સેવા મંડળ જૂનાગઢના પ્રમુખ મનસુખભાઈ વાજાની શુભેચ્છા મુલાકાત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ મુકામે ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ તરીકે સેવા આપનાર પ્રવીણકુમાર સિંહા કે જેઓ હાલ દિલ્હી મુકામે ભારત દેશના ઈન્ટરપોલના સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા છે. જેઓ જૂનાગઢ મુકામે ફરજ દરમ્યાન સત્યમ સેવા મંડળ દ્વારા ચાલતી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ જેમકે અંધ કન્યા છાત્રાલય, વૃદ્ધાશ્રમ, સમૂહ લગ્નો, જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિમાં પ્રવીણકુમાર સિંહા તેમજ તેમના પત્ની અર્ચનાબેન દ્વારા હર હંમેશા હાજરી આપેલ હતી. દિલ્હી મુકામે પ્રવીણકુમાર સિંહા સાથે સરદાર પટેલ ભવન ખાતે આવેલ તેમની ઓફિસે શુભેચ્છા મુલાકાત લીધેલ હતી અને તેમની સાથે બ્રેકફાસ્ટ લીધેલ હતો અને તેમના દ્વારા યાદગાર ક્ષણ માટે મોમેંટ આપી સન્માનિત કરવામાં આવેલ.

તેમજ ભારત દેશના જોઈન્ટ સેક્રેટરી નેસ્શનલ સુરક્ષાના લેખન ઠકકરની પણ શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. તેઓશ્રી દ્વારા રાજ ભવન દિલ્હી મુકામે રહેવાની વ્યવસ્થા પણ કરી આપવામાં આવેલ તે બદલ સત્યમ સેવા મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા દ્વારા પ્રવીણકુમાર સિંહાનો હૃદયપૂર્વક આભાર માનેલ હતો.

# જામ ખંભાળિયા : બેંકમાંથી પાક ધિરાણ મેળવીને ઘરે જતા માનપરના વૃદ્ધ પાસેથી રૂપિયા દોઢ લાખની લૂંટ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩

ભાણવડ તાલુકાના માનપર ગામના રહીશ એવા એક વૃદ્ધને શનિવારે ભર બપોરે રેલવે ફાટક નજીક એક અજાણ્યા મોટરસાયકલના ચાલકે પછાડી દઈ અને તેની પાસે રહેલી રોકડ રકમ પૈકી રૂપિયા દોઢ લાખની લૂંટ ચલાવી અને નાસી ગયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. જેને પોલીસ દ્વારા તાકીદની કાર્યવાહી કરી, અને ઝડપી લેવામાં આવ્યો છે.

આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ તાબેના માનપર ગામના વાડી વિસ્તારમાં રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા કેશવભાઈ દેવશીભાઈ પીપરોતર નામના ૭૨ વર્ષના સગર વૃદ્ધ શનિવારે બપોરે આશરે બે વાગ્યાના સમયે ભાણવડની સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકમાંથી પાક ધીરાણના રૂપિયા અઢી લાખ લઈ, અને તેમના જી.જે. ૩૭ એ. ૫૩૯૯ નંબરના મોટરસાયકલ પર બેસીને પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે ફતેપુર ગામ તરફ જતા માર્ગે રેલવે ફાટક નજીક પહોંચતા અહીં એકાએક જી.જે. ૨૫ ઈ. ૯૫૮૩ નંબરનો એક મોટરસાયકલનો ચાલક લૂંટ કરવાના ઈરાદાથી ધસી આવ્યો હતો અને તેણે કેશવભાઈ પીપરોતરના મોટરસાયકલ આડે પોતાની મોટરસાયકલ વડે ધક્કો મારી અને તેમને પછાડી દીધા હતા. ત્યાર બાદ આરોપીએ કેશુભાઈને ધક્કો મારીને તેમની પાસે રહેલી રૂ. અઢી લાખની રોકડ રકમ ભરેલી થેલીમાંથી રૂપિયા દોઢ લાખની લૂંટ કરીને નાસી છૂટ્યો હોવાનું જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ પોલીસે કેશુભાઈ દેવશીભાઈ સગરની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

બળવાન જ બળને જાણે છે, નિર્બળ નહીં.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :


વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૫ વ્રતની પૂનમ, ચૈત્રી પૂનમ, શ્રી હનુમાનજી જન્મોત્સવ, જૈન આયંબિલ ઓળી સમાપ્ત, છત્રપતિ શિવાજી મહારાજ નિર્વાણદિન, શ્રી સિધ્ધાચલજીની યાત્રા તા.૨૩ એપ્રિલ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૧૩, ચિત્રા નક્ષત્ર, વજ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૬, સૂ.અ.૭:૧૩

આજનો દિવસ મધ્યમ છે

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), સવારે ૯:૧૮ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
વૃષભ:પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
મિથુન:આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃધ્ધિ થાય.
કર્ક: ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળે.
સિંહ: સ્વજનોનો સહયોગ મળે. શત્રુ પક્ષ સાથે સુલેહ થાય.
કન્યા: નવા કાર્યની સફળતા માટે મુસાફરી થાય. પ્રિયજનથી વિશેષ સ્નેહ રહે.
તુલા: સંપતિને લગતા કાર્યોમાં વિલંબ થાય. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
વૃશ્ચિક:પારિવારીક ક્ષેત્રે મહત્વના કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.
ધન: આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.
મકર: નવિન યોજનાઓમાં સફળતા મળે. પરોપકારી કાર્યમાં સાવધાન રહેવું.
કુંભ: જવાબદારીવાળા કાર્યમાં સાવધાની રાખવી. શત્રુ પક્ષથી સાવધ રહેવું.
મીન: આનંદ-પ્રમાદમાં અધિકતા રહે. પ્રવાસમાં પીડા રહે.

# કળિયુગના જીવતા જાગતા દેવ એટલે શ્રીહનુમાનજી મહારાજ (ચૈત્ર સુદ પૂનમ શ્રી હનુમાન જયંતિ)




શંકર સુવન કેસરીનંદન, તેજ પ્રતાપ મહા જગ વંદન. ત્રેતા યુગમાં અવધનરેશ શ્રીદશરથ મહારાજે ગુરૂ વશિષ્ઠના માર્ગદર્શનથી સંતાન પ્રાપ્તિ અર્થે શ્રીશૃંગી મુનિ દ્વારા તમસા નદીના તટ ઉપર પુત્રકામેષ્ટિ યજ્ઞ દ્વારા જે ચરૂનો પ્રસાદ પ્રાપ્ત કર્યો અને તેમાંથી રાણી કૈકેયીને આપેલો પ્રસાદનો દડીયો અચાનક એક સમડી ઉઠાવી ગઈ. ઊંચા આકાશેથી સમડીની ચાંચમાંથી છટકેલો પ્રસાદનો દડીયો નીચે પડવા લાગતા તેને પવનદેવે ઝીલી લીધો અને પૃથ્વી ઉપર અંજન પર્વત ઉપર રહેતા કેસરી નામના વાનરના પત્ની અંજની માતા નેત્રો બંધ કરી ખોબો ધરીને દેવાધિદેવ મહાદેવજીને પ્રાર્થના કરતા હતા કે, મને કૃપા કરી એક પ્રતાપી પુત્ર થાય તેવી ઈચ્છાને પૂર્ણ કરો. પવનદેવે તેમના ખોબામાં ચરૂનો પ્રસાદ મુક્યો. જેને શિવજીનો પુનિત પ્રસાદ માનીને માતા અંજની આરોગી ગયા. જેના પ્રતાપે ચૈત્ર સુદ પૂનમના પુણ્ય પવિત્ર દિવસે મધ્યાહન કાળે પવનપુત્ર કેસરીનંદન શ્રી હનુમાનજી મહારાજનું ૧૧ માં રૂદ્રરૂપે પ્રાગટ્ય થયું. હનુમાનજી મહારાજ એક આદર્શ પુત્ર, સેવક, શ્રીરામદૂત, નિષ્કામ ભક્તિ અને દાસત્વ ભક્તિના ઉત્તમ ઉદાહરણ છે. એટલે જ તો કહેવાય છે કે, જગતમાં એક જ જન્મ્યો રે કે જેણે રામને રૂણી રાખ્યા આજથી ૧૭૫ વર્ષ પહેલા અખિલ બ્રહ્માંડના અધિપતી ભગવાન શ્રી સ્વામિનારાયણના એકાંતિક મહાન સંત મહાપ્રતાપી શ્રીગોપાળાનંદ સ્વામીએ બોટાદ જિલ્લાના નાનકડા એવા સાળંગપુરધામે આર્તનાદે થયેલી ભક્તોની પ્રાર્થના સાંભળીને મહાપ્રતાપી કેસરીનંદન શ્રીકષ્ટભંજનદેવની દૈદિપ્યમાન પ્રતિષ્ઠા કરી અને દાદામાં એવો પ્રતાપ મુક્યો કે, આજની તારીખે પણ દાદા દેશ-વિદેશમાં વસતા હજારો નહીં પરંતુ લાખો ભક્તોના દુઃખ દૂર કરી રહ્યા છે. અને દાદા પોતાનો દિવ્ય પરચો આજે સાક્ષાત્ આપી રહ્યા છે. સાળંગપુરમાં ભગવાન સહજાનંદ સ્વામીનું વરદાન છે કે, આ ધામમાં યમનું તેડું નથી. એવા ધામમાં આજે પણ દાદાને વર્ષ દરમ્યાન ઋતુ પ્રમાણે વિવિધ પ્રકારના ૧૦૦ જેટલા અન્નકૂટ ધરાવાય છે. એટલું જ નહીં સાળંગપુરમાં દાદાની જેવી સેવા થાય છે તેવી વિશ્વના કોઈ મંદિરમાં થતી નથી. આ નિર્વિવાદ વાત છે. કળિયુગના જીવતા જાગતા દેવ જો કોઈ હોય તો તે સાળંગપુરધામના શ્રીકષ્ટભંજન દેવ છે.

જેને દાદાનો સાક્ષાત્ પરચો જોવો હોય તેણે અવશ્ય સાળંગપુર આવવું પડે છે. દાદામાં અપાર શ્રદ્ધા ધરાવતા દરેક ભક્તો આવતી તારીખ ૨૩-૪-૨૦૨૪ ને ચૈત્ર સુદ પૂનમના રોજ સાળંગપુર મુકામે, મંદિરના કોઠારી અને સ્વામિનારાયણ સંપ્રદાયના સક્રિય અને વિકાસપુરૂષ સંત શ્રીવિવેકસાગરદાસજી સ્વામી દ્વારા દાદાનો પ્રાગટ્યોત્સવ ખુબ ધામધુમપૂર્વક ઉજવવામાં આવશે તે ઉત્સવનો અવશ્ય લાભ લે. અને દાદાના કૃપાના અધિકારી બને. અજરામર, અષ્ટસિદ્ધિ નવનિધિના દાતા સંકટમોચન દુઃખ હર્તા મારા દાદાનો જય જય કાર હો.

- શાસ્ત્રી જયસ્વરૂપદાસ, ગુરૂકુલ, અંકલેશ્વર

## ઓખા-પુરી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૩

દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ ડિવિઝન પર કાઝીપેટ-વિજયવાડા સેક્શનમાં નોન ઈન્ટરલોકિંગ કામ ને કારણે ઓખા-પુરી-ઓખા એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રુટ પર દોડશે. જેમાં અનેક ટ્રેનોનો સમાવેશ થાય છે. આના કારણે મુસાફરોએ અન્ય વ્યવસ્થા કરવી પડશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નવો લેબરકોડ પડકારરૂપ બને તેવી દહેશત

નાણાંકીય દ્રષ્ટિએ માંડ બેઠા થઈ રહેલા દેશનામાઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ) સામે નવો લેબર કોડ પડકારરૂપ બનવાની શકયતા જોવાઈ રહી છે ત્યારે આ હકીકતને ધ્યાનમાં રાખી એમએસએમઈ દ્વારા દેશમાં આવનારી નવી સરકાર પાસેથી પોતાને આ મુદ્દે રક્ષણ મળી રહે તે માટે અત્યારથી તૈયારી શરૂ કરી દેવાઈ છે. ૧લી એપ્રિલથી લાગુ થયેલા નવા પેમેન્ટસ ધોરણને પરિણામે એમએસએમઈ માટે નાણાં પ્રવાહ વધવાની શકયતા ઊભી થઈ છે પરંતુ એમએસએમઈ માટે આ આનંદ કેટલા દિવસ ટકે છે તે જોવાનું રહેશે. ૪૫ દિવસની અંદર પેમેન્ટસના ધોરણને કારણે મોટા ખાનગી ઉદ્યોગ તરફથી એમએસએમઈને વેપાર મળી રહેવા સામે જોખમ ઊભા થયા છે. સામાન્ય રીતે ૯૦થી ૧૨૦ દિવસમાં પેમેન્ટસ કરતા ઉદ્યોગો માટે ૪૫ દિવસના પેમેન્ટસ ધોરણ તેમની વર્કિંગ કેપિટલની આવશ્યકતા વધારી દેશે જે મોટા ખાનગી ઉદ્યોગોને કદાચ પરવડી શકે એમ નથી. જો કે આ નવા પેમેન્ટસ ધોરણના નફાનુકસાનનો અંદાજ તો આવનારા દિવસોમાં જોવા મળશે પરંતુ નવા લેબર કોડસની થઈ રહેલી તૈયારી એમએસએમઈના કામકાજમાં અવરોધરૂપ બનવાનો ભય સેવાઈ રહ્યો છે.

નવા લેબર કોડસ લાગુ થશે ત્યારે ખર્ચ વધી જવાની એમએસએમઈ ક્ષેત્રને ચિંતા સતાવી રહી છે. દેશમાં લોકસભાની ચૂંટણી બાદ સત્તા પર આવનારી નવી સરકાર સમક્ષ લેબર કોડસના અમલ બાબત રજુઆત કરવા ક્ષેત્રના આગેવાનો અત્યારથી તૈયારી કરી રહ્યા છે. કોડસને તબક્કાવાર લાગુ કરવા ઉપરાંત તેના અમલ પહેલા દરેક હિસ્સેદારો સાથે સરકાર ચર્ચા કરે તેવું એમએસએમઈ ક્ષેત્ર અપેક્ષા રાખી રહ્યું છે. આ અગાઉ ૨૦૨૧માં સરકારે લેબર કોડસને લઈને હિસ્સેદારો સાથે ચર્ચા કરી હતી.

ધ ઈન્ડસ્ટ્રીઅલ રિલેશન્સ કોડ, કોડ ઓન સોશ્યલ સિક્યુરિટી અને ઓક્યુપેશનલ સેફટી, હેલ્થ અને વર્કિંગ કન્ડીશન્સ કોડ ૨૦૨૦માં સંસદના ચોમાસુ સત્રમાં પસાર થઈ ગયા હતા. આ પહેલા વેતન ધારો ૨૦૧૯ના ચોમાસુ સત્રમાં મંજુર થઈ ગયો હતો. ધારા બની ગયા છે પરંતુ તેના અમલીકરણ માટે આવશ્યક નિયમો હજુ ઘડાયા નથી અને જાહેર પણ થયા નથી.

લેબર કોડસમાં કર્મચારીઓના વીમા, ગ્રેચ્યુઈટી તથા ઊંચા વેતન સ્તરને કારણે નાણાંકીય બોજમાં વધારો થશે તેવી એમએસએમઈ ક્ષેત્રને ભય છે. સતત નાણાંભીડનો સામનો કરતા એમએસએમઈ ક્ષેત્રની આ સમશ્યા દૂર કરવા સરકારે ૧લી એપ્રિલથી નવા પેમેન્ટસ ધોરણનો અમલ કર્યો છે.આ પગલાંના અમલ થકી એમએસએમઈ માટે આવકના નવા સ્રોતો ઊભા થવા ઉપરાંત તેમની સ્પર્ધાત્મકતામાં વધારો થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ ધોરણને કારણે એમએસએમઈને તેમના બાયરો પાસેથી સમયસર નાણાં મળી રહેવાની શકયતા ઊભી થઈ છે પરંતુ સાથોસાથ વેપાર ઘટી જવાની પણ ચિંતા સતાવી રહી છે. દેશના ઉત્પાદન ક્ષેત્રમાં એમએસએમઈનું નોંધપાત્ર યોગદાન રહેલું છે. કૃષિ ક્ષેત્ર બાદ રોજગાર પૂરા પાડવામાં એમએસએમઈ બીજા ક્રમે આવે છે, આવી સ્થિતિમાં એમએસએમઈને નવા શ્રમ કાયદાઓમાં રાહત મળી રહે તે જરૂરી છે.

નિકાસમાં વધારો અને દેશના આર્થિક વિકાસમાં યોગદાન આપી વિકાસનું એન્જિન બનવાની એમએસએમઈ વિપુલ તકો ધરાવે છે. પરંતુ પ્રાપ્ત આંકડા પર નજર નાખતા જણાય છે કે દેશની નિકાસમાં એમએસએમઈના હિસ્સામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૦માં નિકાસમાં નાના ઉદ્યોગોનો હિસ્સો જે ૪૯.૭૭ ટકા હતો તે નાણાં વર્ષ ૨૦૨૨-૨૩ના અંતે ઘટી ૪૨.૬૭ ટકા પર આવી ગયો હતો. દેશની નિકાસમાં એમએસએમઈના યોગદાનને વધારવા નીતિ આયોગ વારંવાર સૂચનો કરતું રહે છે ત્યારે લેબર કોડસને કારણે આ ક્ષેત્રની સ્થિતિફરી પડકારરૂપ ન બને તેની આવનારી નવી સરકારે ખાતરી રાખવાની રહેશે.

હેન્ડીક્રાફટસ, ઈમિટેશન જ્વેલરી, લેધર ગુડસ, ટેકસટાઈલ જેવા ક્ષેત્રો જેમાં લઘુ ઉદ્યોગો પરંપરાગત ટેકનોલોજીનો ઉપયોગ કરે છે તેવા ક્ષેત્રોમાં હાજરી વધારી એમએસએમઈ તેને વૈશ્વિક સ્તરે વધુ વિસ્તારવાની ક્ષમતા ધરાવે છે ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવેશથી એમએસએમઈ ક્ષેત્રમાં રોજગારની તકો પણ વધતી જોવા મળશે, પરંતુ આ ત્યારે જ શકય બનશે જ્યારે નવા શ્રમ ધારામાં રહેલી કેટલીક જટિલ જોગવાઈઓમાંથી ક્ષેત્રને રાહત આપવામાં આવશે. દેશને પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી તરફ આગળ વધારવો હશે તો એમએસએમઈ માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવાનું રહેશે.

ભારતમાં ૬ કરોડ જેટલા એમએસએમઈ કાર્યરત છે. દેશના જીડીપીમાં આ ક્ષેત્રનો હિસ્સો ૩૦ ટકા આસપાસ છે અને ૧૧.૧૦ કરોડ કામદારો સીધી અથવા આડકતરી રીતે આ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. દેશના ૩૩ ટકા એમએસએમઈ ઉત્પાદન પ્રવૃતિ સાથે સંકળાયેલ છે અને કુલ ઉત્પાદનમાં તેમનો હિસ્સો પચાસ ટકા જેટલો છે. આ આંકડાને ધ્યાનમાં રાખતા મેક ઈન ઈન્ડિયા સુત્રને સફળ બનાવવા આ ઉપક્રમોની તંદૂરસ્તી મહત્વની બની રહે છે. એમએસએમઈ શ્રમલક્ષી ક્ષેત્ર છે અને રોજગાર ઊભો કરવામાં જંગી અવકાશ ધરાવે છે, ત્યારે નવા શ્રમ કાયદાની તેમની માટે જણાતી કેટલીક અવ્યવહારુ જોગવાઈઓ આ ઉદ્યોગમાંથી રોજગારને નાબુદ કરી નાખશે તેમ કહીશું તો ખોટું નહીં ગણાય.

સુધારિત શ્રમ કાયદાના અમલમાં એમએસએમઈ તથા તેની સાથે સંકળાયેલા કર્મચારીઓ બન્નેના હિતો જળવાઈ રહે તે જોવાનું રહેશે. જો બેમાંથી એક પણ પક્ષને અન્યાય જેવું લાગશે તો આ સુધારાને કારણે નાના ઉદ્યોગોમાં અશાંતિ ફેલાતા વાર નહીં લાગે અને છેવટે એકંદરે ઉદ્યોગોને સહન કરવાનો વારો આવી શકે છે.

### રામદેવને સુપ્રીમમાં ફરી એક ઝટકો

# પતંજલિએ હવે કરોડોનો સર્વિસ ટેક્સ ભરવો પડશે

## રામદેવના યોગ કેમ્પમાં ફી વસુલાતી હતી તેથી સર્વિસ ટેક્સ ભરવો પડે : લગભગ રૂા.૪.૫ કરોડના સર્વિસ ટેક્સની માંગ

નવી દિલ્હી, તા.૨૩


યોગગુરૂના નામે ઓળખાતાર રામદેવ માટે હમણા કપરો સમય ચાલી રહ્યો છે. રામદેવ સામે સુપ્રીમ કોર્ટ ખફા હોય તેવું લાગે છે અને એક પછી એક ચુકાદા રામદેવની વિરૂધ્ધ જઈ રહ્યા છે. રામદેવના પતંજલિ યોગપીઠ ટ્રસ્ટ દ્વારા યોગશિબિર યોજવામાં આવે છે જેમાં એન્ટ્રી વસુલવામાં આવે છે, પરંતુ સર્વિસ ટેક્સની ચોરી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે હવે એપેલેટ ટ્રિબ્યુનલના નિર્ણયને માન્ય રાખ્યો છે જેથી રામદેવ દ્વારા યોગ શિબિરોના આયોજન માટે વસૂલવામાં આવતી પ્રવેશ ફી ઉપર સર્વિસ ટેક્સ ચૂકવવામાં આવશે. જસ્ટિસ અભય ઓકા અને જસ્ટિસ ઉજજવલ ભુયાનની બેન્ચે કસ્ટમ ડ્યુટી, એક્સાઈઝ ડ્યુટી અને સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલના ઓર્ડરમાં હસ્તક્ષેપ નથી કર્યો. એટલે કે રામદેવની કંપનીએ સર્વિસ ટેક્સ ભરવો પડશે. સુપ્રીમે ટ્રિબ્યુનલની વાત માન્ય રાખીને કહ્યું કે ફી વસૂલાતા શિબિરોમાં યોગ કરવો એ એક સર્વિસ છે. તેથી તેમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ નથી. પતંજલિ યોગપીઠ ટ્રસ્ટ દ્વારા રહેણાંક અને નોન-રેસિડેન્શિયલ યોગ શિબિરોમાં સામેલ થવા માટે ફી લેવામાં આવે છે તેથી તે 'હેલ્થ અને ફિટનેસ સેવા'ની શ્રેણીમાં આવે છે અને તેના ઉપર સર્વિસ ટેક્સ લાગશે. ટ્રિબ્યુનલે કહ્યું હતું કે, શિબિરમાં ભાગ લેનારાઓ પાસેથી શિબિરો માટે ફી એકત્ર કરવામાં આવી હતી. આ રકમ દાન તરીકે એકઠી કરવામાં આવી હતી પરંતુ તે સર્વિસ પૂરી પાડવા માટેની ફી જ હતી. તેથી તે સર્વિસ ફીની વ્યાખ્યામાં આવે છે. પતંજલિ પાસેથી ઓક્ટોબર ૨૦૦૬થી માર્ચ ૨૦૧૧ સુધીના ગાળા માટે દંડ અને વ્યાજ સહિત લગભગ ૪.૫ કરોડના સર્વિસ ટેક્સની માંગણી કરવામાં આવી હતી. ટ્રસ્ટે એવી દલીલ કરી કે તે એવી સર્વિસ પૂરી પાડે છે જે બીમારીઓની સારવાર માટે છે. આ સર્વિસ હેલ્થ અને ફિટનેસ હેઠળ કરપાત્ર નથી. પરંતુ આ દલીલ માન્ય રહી નથી તેથી હવે પતંજલિએ આ ૪.૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. તેના કારણે રામદેવની યોગ શિબિરો સર્વિસ ટેક્સના દાયરામાં આવી ગઈ છે. જસ્ટિસ ઓક અને જસ્ટિસ ભુઈયાની બેન્ચે કહ્યું, કે ટ્રિબ્યુનલના આદેશમાં દખલ કરવાનું કોઈ કારણ દેખાતું નથી. આ કારણથી પતંજલિ યોગપીઠ ટ્રસ્ટની અપીલ નકારવામાં આવે છે. પ્રવેશ ફી વસૂલ્યા પછી શિબિરોમાં યોગ કરાવવામાં આવે તે એક સર્વિસ જ ગણાય. ટ્રિબ્યુનલે કહ્યું કે પતંજલિ યોગપીઠ ટ્રસ્ટ દ્વારા આયોજિત યોગ શિબિરોમાં ભાગ લેવા માટે ફી વસૂલવામાં આવે છે. તેથી આવી યોગ શિબિરો સર્વિસ ટેક્સના દાયરામાં આવવી જોઈએ. આવી શિબિરોમા ભાગ લેનારા લોકો પાસેથી દાન તરીકે રકમ ભેગી કરવામાં આવે છે, પરંતુ તે ખરેખરમાં સેવાઓ પૂરી પાડવા માટેની પ્રવેશ ફી હોય છે. CESTATએ કહ્યું કે, યોગ શિબિરોમાં યોગ અને ધ્યાન કોઈ એક વ્યક્તિને નહીં પરંતુ સમગ્ર સમૂહને સાથે મળીને શીખવવામાં આવે છે. તેમાં નિદાન કે સારવાર માટે કોઈ પ્રિસ્ક્રિપ્શન બનાવવામાં આવતું નથી. આવા કેમ્પની એન્ટ્રી ફી ડોનેશન તરીકે ભેગી કરવામાં આવી હતી અને તેના અલગ અલગ ભાવ હતા. ટિકિટ ધારકને ટિકિટની કિંમતના આધારે અલગ અલગ સુવિધા આપવામાં આવી હતી. તેથી તે એક પ્રકારની સર્વિસ હતી અને તે સર્વિસ ટેક્સને પાત્ર છે.

# અલંગ શિપબ્રેકિંગ ઉદ્યોગ ફરી મંદીની મારમાં સપડાયા

અમદાવાદ, તા.૨૩

ભાવનગરનો વિશ્વ વિખ્યાત અલંગ શિપબ્રેકિંગ ઉદ્યોગ ફરી મંદીના મારમાં સપડાયો છે. જ્યાં ૨૫ થી વધારે જહાજ ભંગાવા માટે આવતા હતા. ત્યાં હવે ૫ પણ નથી આવતા. જેના કારણે હજારો લોકોની રોજી પણ છીનવાઈ છે. વિશાળકાય જહાજોના રિસાયક્લિંગ અને ભંગાણ માટે અલંગ વિશ્વવિખ્યાત છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં અલંગના જાણીતા શિપબ્રેકિંગ ઉદ્યોગને જાણે ગ્રહણ લાગ્યું છે. જેમાં હવે બાકી હતું તે ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધના ભણકાર વાગી રહ્યા છે. સમુદ્રમાં હુથી આતંકવાદીઓના હુમલા વધી રહ્યા છે. આવા અનેક કારણો છે. જેની સીધી અસર અલંગ શીપબ્રેકિંગ યાર્ડ ઉપર પડી રહી છે. સ્થિતિ એવી બની છે કે, દર મહિને ૨૫ જહાજ ભંગાવા માટે આવતા હતા. ત્યાં હવે માત્ર ૫ જહાજ આવી રહ્યા છે. અને અલંગ ઉદ્યોગ જાણે પડી ભાંગવાની કગારે પહોંચી ગયો છે. હાલ સ્થિતિ એવી પણ બની છે કે, ડોલરના ભાવ આસમાને પહોંચ્યા છે. અને આ કારણે વેપારીઓને જહાજોના વધુ રૂપિયા ચૂકવવા પડી રહ્યા છે. તેવામાં વેપારીઓ માટે તો થોભો અને રાહ જુઓની નીતિ અપનાવવા સિવાય કોઈ રસ્તો નથી બચ્યો. સરકાર સહાય તો કરે છે. પરંતુ આંતરરાષ્ટ્રીય પરિબળો આ ઉદ્યોગની ગાડીને પાટે ચડવા નથી દેતી. એટલું જ નહીં હજારો પરપ્રાંતિઓએ કામ ન મળતા વતન તરફ હિજરત કરી છે. હાલ તો અલંગ શિપબ્રેકિંગ યાર્ડની સ્થિતિ એક સાંધે ત્યાં ૧૩ તૂટે તેવી બની છે. દરિયામાં આવતા ભરતી-ઓટની જેમ આ ઉદ્યોગ પણ હાલક-ડોલક થઈ રહ્યો છે. જેના કારણે ઉદ્યોગકારોની ચિંતાઓ સતત વધતી જઈ રહી છે.

# નેસ્લે બાદ Everestના મસાલા ઉપર ઉઠ્યા સવાલ ! ફિશ કરી મસાલામાં ખતરનાક કેમિકલ, સિંગાપોરે પ્રતિબંધ મુક્યા




નવી દિલ્હી તા.૨૩

ભારતની પ્રખ્યાત મસાલા કંપની એવરેસ્ટ મુશ્કેલીમાં મુકાઈ છે. સિંગાપોર સરકારે એવરેસ્ટના ફિશ કરી મસાલાને તાત્કાલિક બજારમાંથી પરત લેવાના આદેશ જાહેર કર્યો છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે એવરેસ્ટના ફિશ કરી મસાલામાં ઈથિલિન ઓક્સાઈડ મળી આવ્યું છે, જે સ્વાસ્થ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે. હવે આ દાવો પણ ત્યારે કરવામાં આવ્યો છે જ્યારે સિંગાપોરની ફૂડ સેફ્ટી એજન્સી (FSA)એ તપાસ બાદ મસાલામાં ઈથિલિન ઓક્સાઈડની માત્રા મળી આવી છે. હવે ફૂડ સેફ્ટી એજન્સી (FSA) કહે છે કે Ethylene Oxideનો ઉપયોગ ખોરાકમાં કરી શકાતો નથી. તે ચોક્કસપણે જંતુનાશક તરીકે ખેતરોમાં વપરાય છે,પરંતુ હાલમાં સિંગાપોરમાં તેને ફૂડમાં ઉમેરવાની પરવાનગી આપવામાં આવી નથી. આ કારણથી એવરેસ્ટની ફિશ કરી મસાલાને બજારમાંથી પરત મંગાવવાની વાત ચાલી રહી છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આયાતકાર એસપી મુથૈયા એન્ડ સન્સ Pte લિમિટેડને માર્કેટમાંથી તમામ પ્રોડક્ટ્સ પરત મંગાવવા માટે સૂચના આપવામાં આવી છે. સિંગાપોરની ફૂડ સેફ્ટી એજન્સી (FSA)એ એક નિવેદનમાં જણાવ્યું છે કે 'હોંગકોંગના ફૂડ સેફ્ટી સેન્ટરે ભારતમાંથી આયાત કરાયેલ એવરેસ્ટ ફિશ કરી મસાલાને પરત મંગાવવા માટે નોટિસ જાહેર કરી છે. તેમાં ઈથિલિન ઓક્સાઈડનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હોવાનું જાણવા મળ્યું છે. SFA વતી, આયાતકાર Sp Muthiah & Sons Pte Ltdને આ મસાલાને બજારમાંથી પાછા મંગાવવાની સમગ્ર પ્રક્રિયા શરૂ કરવા સૂચના આપવામાં આવી હતી. અત્યારે તો સિંગાપોર સરકાર ચોક્કસપણે કહી રહી છે કે તેના સેવનથી સ્વાસ્થ્યને કોઈ સીધું નુકસાન થતું નથી, પરંતુ જો લાંબા સમય સુધી તેનું સેવન કરવામાં આવે તો નુકસાન થઈ શકે છે. સરકારે ભારપૂર્વક જણાવ્યું છે કે જેણે પણ આ મસાલાનું સેવન કર્યું છે તેણે તેનું સેવન બંધ કરવું જોઈએ. જો કોઈને કોઈ સમસ્યા થવા લાગે છે, તો તેણે તરત જ ડોક્ટરની સલાહ લેવી જોઈએ. જો કે એવરેસ્ટ કંપનીએ અત્યાર સુધી આ વિવાદ ઉપર કંઈ કહ્યું નથી, પરંતુ ભારત સરકાર તરફથી પણ કોઈ પ્રતિક્રિયા આવી નથી. આ સમગ્ર મામલે એવરેસ્ટ કંપનીએ હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. એવરેસ્ટ એક ભારતીય MNC છે, જેની વાર્ષિક આવક આશરે રૂા.૫૦૦ કરોડ છે. એવરેસ્ટ મસાલા કંપનીનો પાયો વાડીલાલ શાહે નાખ્યો હતો, જેનું ૪ વર્ષ પહેલા મુંબઈમાં અવસાન થયું હતું.

# રાજ્યમાં ૨૩ ડેમ સાવ ખાલી ૬૧ ડેમમાં માત્ર કહેવા પૂરતું પાણી

અમદાવાદ, તા.૨૩

રાજ્યમાં એપ્રિલ મહિનાના આરંભથી ઉનાળો આકરો બની રહ્યો છે. તાપમાન નવા રેકોર્ડ બનાવી રહ્યું છે ત્યારે મોટા ભાગના ડેમોમાં પાણી ખતમ થવા આવ્યું છે. હાલમાં ગુજરાતના ૨૩ ડેમ સાવ ખાલી થઈ ગયા છે અને ૬૧ ડેમમાં એક ટકા કરતા પણ ઓછું પાણી છે. તેથી જૂન મહિનાના અંતમાં વરસાદ આવે ત્યાં સુધીનો સમય કાઢવો મુશ્કેલ બની જશે તેવું લાગે છે. ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી ભયંકર ગરમી શરૂ થઈ છે અને પાણીનું બાષ્પીભવન થવા લાગ્યું છે. હંમેશાની જેમ આ વખતે પણ રાજયના કેટલાક ભાગોમાં પાણીની અછત સર્જાય તેવી શક્યતા છે. એટલું જ નહીં, આ પરિસ્થિતી જોતાં ઉનાળુ પાક વખતે સિંચાઈના પાણીને લઈને ખેડૂતોની ચિંતા વધી છે. ઉત્તર ગુજરાતની વાત કરવામાં આવે તો અહીં કુલ ૧૫ ડેમ છે જેમાં ૩૫ ટકા જેટલું પાણી સ્ટોર થયેલું છે. જ્યારે મધ્ય ગુજરાતમાં ૧૭ ડેમમાં ૫૪ ટકા પાણી હાજર છે. સાઉથ ગુજરાતના ૧૩ ડેમમાં ૫૩ ટકાની આસપાસ પાણી હાજર છે. પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છના ડેમમાં પાણી બહુ ઓછું છે. કચ્છમાં ૨૦ ડેમમાં ૩૮ ટકાની આસપાસ પાણી છે અને મોટા ભાગના ડેમ ખાલી થઈ ગયા છે જ્યારે સૌરાષ્ટ્રમાં કુલ ૧૪૧ ડેમમાં ૨૫ ટકા પાણી છે. અત્યારે પીવાના પાણીની અછત થાય તો તેના માટે નર્મદાના પાણીથી પરિસ્થિતિને પહોંચી વળવામાં આવશે. પરંતુ ઉનાળુ પાક લેવા માટે સિંચાઈના પાણીની અછત થવાની શક્યતા વધારેછે. ખેડા જિલ્લામાં ૧૪ ટકા, સુરતમાં ૧૫ ટકા, અમરેલી જિલ્લામાં ૧૮ ટકા, બોટાદમાં ૨૩ ટકા પાણી છે. જ્યારે જામનગરમાં ડેમમાં માત્ર ૧૮ ટકા પાણી છે. આ તમામ જિલ્લા એવા છે જ્યાં પાણીનું સ્તર એકદમ ઘટી ગયું છે અને સિંચાઈ માટે પાણીની તંગી થાય તેવી શક્યતા છે. ગુજરાતને સૌથી મોટો સહારો નર્મદા ડેમનો છે અને તેમાં એટલું પાણી છે કે ચોમાસુ બેસી જાય ત્યાં સુધી પીવાના પાણીની સમસ્યા તો નહીં થાય. આ વર્ષે વરસાદ સમયસર પડે તો વાંધો નહીં આવે, પરંતુ વરસાદ પડવામાં વિલંબ થશે તો ઉનાળાના દિવસો પસાર કરવા મુશ્કેલ બની જશે.

# સારા રમતવીર બનવા માટે શું કરવું જોઇએ ? શું ઉચ્ચ શિક્ષણ જરૂરી છે કે પછી ઉત્તમ પ્રદર્શન પુરતી તકો આપે ? તેના ફાયદા શું છે ?

**રમતની શરૂઆત બે રીતે થાય. મેં અગાઉ કહ્યું તેમ નાનપણથી જ પ્રતિભાની જાણ થઈ જતી હોય છે. ઘણા બધા રમતવીરો એવા છે કે બાલ્યાવસ્થાથી જ તેઓ કોઈ એક રમત પ્રત્યે આકર્ષાતા હોય છે અને કોઈપણ જાતની તાલીમ વગર સારૂં પ્રદર્શન કરતા હોય છે. આ બાબતની જાણ શાળાકીય રમતો દરમ્યાન કે તમારા ઘરની આસપાસ બીજા બાળકો સાથે ખેલકૂદ કરતી વખતે આઈડિયા આવી જાય છે. ઘણા બાળકો કિશારોવસ્થામાં પહોંચે તે પહેલા તેઓ ખેલકૂદમાં રસ લેતા થાય છે અને ત્યારથી તેમને તાલીમ આપવાની રહે છે. નાનપણથી પ્રતિભા હોય તો જ આગળ આવી શકાય તેવું પણ નથી. જો વાલીઓ દ્વારા બાળકને ખેલકૂદમાં રસ છે તેવું એક વાર જાણી લેવામાં આવે તો પછી પ્રોપર કોચીંગ ક્લાસમાં દાખલો લઈને તાલીમ આપવામાં આવે તો ખૂબ જ અનિવાર્ય છે. નાનપણથી જ યોગ્ય કસરત અને તાલીમના માધ્યમથી પ્રોફેશનલ બનવામાં વાર નથી લાગતી.**






મિત્રો અત્યારસુધીમાં આપણે અલગ-અલગ પ્રકારના અભ્યાસક્રમ બાબતે વાતો કરી છે અને તેની વિગતસર માહિતી પીરસી છે. હાલમાં ક્રિકેટથી લઈને અનેક રમતોનો અબાલ વૃદ્ધ સૌ લોકોમાં ભારે ચાહના જોવા મળે છે. સફળ રમતવીરોને લોકો ખૂબ જ પ્રેમ આપે છે અને તેઓની એક જબરદસ્ત સેલિબ્રિટી વેલ્યુ હોય છે. તેઓ અઢળક ઈજજત અને સંપત્તિના માલિક હોય છે અને દોમ દોમ સાહ્યબીમાં જીવતા હોય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લાખ્ખો અને કરોડો ચાહકો તેમનો ફોલો કરતા હોય છે અને એક અલગ જ લેવલની લાઈફસ્ટાઈલ તેઓ જીવતા હોય છે. આથી સ્વાભાવિક છે લોકોને રમતવીર એટલે કે સ્પોર્ટસ સ્ટાર બનવા માટે ઈચ્છા હોય. પરંતુ રમતવીર બનવા માટે શું કરવું જોઈએ તે બાબતે ઘણા લોકો પ્રશ્ન કરતા હોય છે. શરૂઆત ક્યાંથી કરવી તેની પણ વાલીઓને ખબર હોતી નથી. આથી આ બાબતે એક લેખ લખવાનું યોગ્ય લાગ્યું અને આજે તે બાબતે એક લેખ લખી રહ્યો છું. આશા છે કે તમને આ લેખના માધ્યમથી પૂરેપૂરી જાણકારી મળી રહેશે.

**● રમત-ગમતનું કેમ છે આટલું બધુ મહત્ત્વ ?**

મિત્રો માનવ જીવન અને રમત ગમત એક અંતરંગ ભાગ છે. એકબીજા વગર જીવનની કોઈ શક્યતા નથી. બાળપણથી લઈને વૃદ્ધાવસ્થા સુધી સ્પોર્ટસ એક અભિન્ન અંગ હોય છે. બાળપણથી લઈને યુવાનીમાં સ્પોર્ટસ રમવામાં આવે તો જીવનમાં ખુશીઓના રંગ પુરાય છે. જેમ જેમ ટેકનોલોજી અને માનવ સમુદાયનો વિકાસ થયો તેમ તેમઅવનવી ગેમ્સ માર્કેટમાં આવતી ગઈ અને તેનો ક્રેઝ પેદા થયો. પહેલાના જમાનામાં રમતો મર્યાદિત હતી. કહેવાય છે કે કુસ્તી સૌથી જૂની રમતો પૈકી એક છે. પરંતુ હવે ઈન્ડોર અને આઉટડોર બન્ને અનેક પ્રકારની રમત રમાઈ રહી છે. જેના કારણે એક આત્મવિશ્વાસ, આનંદ અને શરીર સૌષ્ઠવ જળવાઈ રહે છે. આ પ્રકારની રમતો રમવાનું મહત્વ ટેલિવિઝન અને ઈન્ટરનેટની ક્રાંતિના કારણે પણ બહુ જ વધી ગયુ છે. ઉપરાંત મોટાભાગના લોકોનું બેઠાડુ જીવન થઈ ગયું છે. આથી શારીરિક કસરત થાય તે માટે તેઓ કોઈનેકોઈ રમત રમતા હોય છે. વળી સફળ થયેલી રમતવીરોને જે આવક અને ઈજજત મળે છે તેનાથી સૌને આકર્ષણ થાય તે સ્વાભાવિક છે. બાળકના માતા-પિતા નાનપણથી જ પોતાનું સંતાન કોઈને કોઈ રમતમાં ઈન્વોલ્વ થાય તેની ઈચ્છા રાખતા હોય છે. આથી ચારેય બાજુ રમતવીરોનો જયજયકાર છે.

**● પહેલા સમજીએ ઇન્ડોર અને આઉટડોર ગેમ્સ**

સ્પોસ્ટ એક્ટિવિટીઝમાં ધ્યાન આપતા પહેલા ઈન્ડોર અને આઉટડોર રમત વિશે જાણકારી મેળવવી જરૂરી બની જાય છે. ઈન્ડોર રમતો એટલે એવું કે ચાર દીવાલની વચ્ચે રમીશકાય. દાખલા તરીકે ચેસ છે, બેડમીન્ટન છે, ટેબલ ટેનિસ, અંગ કસરતની રમતો, વેઈટ લિફ્ટીંગ, સ્નુકર, કુસ્તી, કરાટે, બોક્સિંગ વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે આઉટડોર રમતના પ્રકારનો કોઈ પાર નથી. જે મેદાનમાં રમવા યોગ્ય રમતો હોય છે તે આઉટડોર ગેમ્સ કહેવાય છે. દાખલા તરીકે, ક્રિકેટ, ફુટબોલ, ટેનિસ, દોડ, હોકી, બેઝબોલ, રગ્બી વગેરેનો સમાવેશ થાય છે. જો કે આ તો સામાન્ય દાખલા છે અને સમજાવવાની પણ જરૂર નથી. આથી વ્યક્તિનું શરીર સૌષ્ઠવ અને દિમાગની ક્ષમતા તેના ઉપર આધાર રાખે છે કે કઈ રમતમાં આગળ વધવાનું છે.

**● શરૂઆત કેવી રીતે કરવી ?**

શરૂઆત કેવી રીતે કરવી તો સૌથી સામાન્ય જવાબ છે કે નામપણથી જ. આમા બે કહેવત લાગુ પડે કે પુત્રના કે પુત્રીના લક્ષણ પારણામાંથી. જ્યારે બીજી કહવેત છે કે પાકા ઘડે કાંઠલા ના ચડે. પુત્રના કે પુત્રીના લક્ષણ પારણામાંથી તેનો કહેવાનો મતલબ એ છે કે, ઘણા ખેલાડીઓ જન્મથી જ જીનીયસ હોય છે. આથી નાનપણથી જ તેમની પ્રતિભા ખીલી ઉઠે છે અને વડીલોને ખબર પડી જાય છે કે બાળકનો ઝુકાવ કોઈ એક રમત તરફ છે. જ્યારે બીજી કહેવત એ છે કે, કોઈપણ રમતનો શોખ હોય અને તેમાં કરિયર બનાવવી હોય તો શીશુ કે કિશોરવસ્થાથી જ શરૂઆત કરી દેવાની રહે છે. મોટી ઉંમરે તમે શરૂઆત કરી શકતા નથી. રમતની શરૂઆત બે રીતે થાય. મેં અગાઉ કહ્યું તેમ નાનપણથી જ પ્રતિભાની જાણ થઈ જતી હોય છે. ઘણા બધા રમતવીરો એવા છે કે બાલ્યાવસ્થાથી જ તેઓ કોઈ એક રમત પ્રત્યે આકર્ષાતા હોય છે અને કોઈપણ જાતની તાલીમ વગર સારૂં પ્રદર્શન કરતા હોય છે. આ બાબતની જાણ શાળાકીય રમતો દરમ્યાન કે તમારા ઘરની આસપાસ બીજા બાળકો સાથે ખેદકૂદ કરતી વખતે આઈડિયા આવી જાય છે. ઘણા બાળકો કિશારોવસ્થામાં પહોંચે તે પહેલા તેઓ ખેલકૂદમાં રસ લેતા થાય છે અને ત્યારથી તેમને તાલીમ આપવાની રહે છે. નાનપણથી પ્રતિભા હોય તો જ આગળ આવી શકાય તેવું પણ નથી. જો વાલીઓ દ્વારા બાળકને ખેલકૂદમાં રસ છે તેવું એક વાર જાણી લેવામાં આવે તો પછી પ્રોપર કોચીંગ ક્લાસમાં દાખલો લઈને તાલીમ આપવામાં આવે તો ખૂબ જ અનિવાર્ય છે. નાનપણથી જ યોગ્ય કસરત અને તાલીમના માધ્યમથી પ્રોફેશનલ બનવામાં વાર નથી લાગતી. બની શકે તો શાળામાં જ્યારે ખેલકૂદની ઈવેન્ટસ થાય ત્યારે તેમાં ભાગ લેવડાવવાનું ભૂલવું નહી. તેનાથી બાળકની પ્રતિભા કેટલી છે તેનો ખ્યાલ આવી જશે.

**● સફળતા માટે શું કરવું ?**

જ્યારે બાળક એક રમત તરફ આગળ વધે છે ત્યારે એક લાંબાસમયના તપ-સાધના જેવી હાલત હોય છે. તેના માટે બાળકની સાથે સાથે માતા-પિતાએ પણ ભોગ આપવો પડે છે, સમય, શક્તિ અને પૈસા ત્રણેયનો ખર્ચ થાય છે. પરંતુ જ્યારે સફળતા મળે ત્યારે આ મહેનત ઉગી નીકળે છે. આથી જ્યારે બાળક રમતમાં ઈન્વોલ્વ હોય અને સફળતા તરફ આગળ વધી રહ્યો હોય ત્યારે માતા પિતાએ સંપૂર્ણ ધ્યાન તેના ઉપર આપવું અત્યંત જરૂરી છે. તેનું દરરોજનું રૂટીન, તેના ડાયેટ, શારીરિકને ઈજા ના થાય તેની કાળજી અને દરરોજની કસત, તેને લેવા તથા મુકવા જવાનું, પ્રવાસ કરવાનું કામ નિયમિત રીતે કરવાનું રહે છે. બાળક ભલે રમતવીર હોય પરંતુ તે જો શીશુ કે કિશોરવાસ્થામાં હોય ત્યારે તેની સાથે રહ્યા વગર છૂટકો હોતો નથી. ઘણી વખત રમતના કેમ્પ્સ થતા હોય તો દિવસો સુધી બહારગામ રહેવાનું થાય ત્યારે પણ માતા-પિતાની વિશેષ જવાબદારી આવી જાય છે. આથી બાળક રમતમાં એકાગ્ર થઈને સંપૂર્ણ ધ્યાન આપી શકે તેમ માટે બધી જ જવાબદારી માતાપિતાએ ઉપાડી લેવાની રહે છે. વળી તેમના કોચ, શિક્ષકો સાથે નિયમિત વાતચીત પણ જરૂરી છે. રમતગમત સાથે અભ્યાસ પણ જરૂરી છે. આથી ચારેય તરફ ધ્યાન આપો ત્યારે બાળક સફળતા પૂર્વક સિદ્ધિ હાંસલ કરે છે. ખેલકૂદની સાથે અભ્યાસ પણ જરૂરી છે. કારણ કે જ્યારે તમે એક સ્ટેજ સુધી પહોંચી જાવ ત્યારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તમારી ખ્યાતિ થાય છે ત્યારે વિવિધ પ્રકારના લોકો સાથે મળવાનું થાય છે ત્યારે વાતચીતની સ્ટાઈલથી લઈને હિસાબ કિતાબ સુધીની બધી બાબતો માટે શિક્ષણ ખૂબ જ કામ આવે છે. ઘણા રમતવીરો વિદેશ જાય ત્યારે ઈંગ્લીશમાં વાત કરી શકતા નથી ત્યારે લઘુતાગ્રંથિ અનુભવતા હોય છે. પરંતુ જો યોગ્ય શિક્ષણ લીધું હોય તો એક અલગ જ પ્રકારનો આત્મવિશ્વાસ હોય છે. વળી જો રમતવીરો માટે સરકારી, અર્ધસરકારી અને ખાનગી સાહસોમાં અલગ પ્રકારનો નોકરીનો ક્વોટા હોય છે. જો તમે રમત સાથે સારૂં શિક્ષણ લીધું હોય તો ઓફિસર કક્ષાની નોકરી મળે છે અને સારો પગાર મળી રહે છે. આથી આ બધી બાબતો જરૂરી હોવાથી શિક્ષણ ઉપર ધ્યાન આપવું પણ એટલું જ જરૂરી છે. તો મિત્રો આ હતી ખેલકૂદની દુનિયામાં આગળ આવવાની વાત.

# સાસુ-સસરાએ વહુના મા-બાપ બની દિકરીના પુન:લગ્ન કરાવ્યા





જૂનાગઢ, તા.૨૩


જૂનાગઢ સમસ્ત હિન્દુ ધોબી સમાજ યુવક મંડળ દ્વારા ધોબી સમાજના અનિલભાઈ કાંતિભાઈ વાજા ટીંબાવાડી તેમના સુપુત્ર વિપુલનું ચાર વર્ષ પહેલા કેન્સર થતા અવસાન થયેલ તેમના પત્ની નીતાબેન સાથે બે નાની દીકરીઓને સસરા અનિલભાઈએ સાચવી દીકરીની જેમ રાખી આજ સુધી અનિલભાઈ સસરા હતા પરંતુ આજે મા-બાપ બની નીતાબેનના ધામે ધુમે પુન: લગ્ન કરી આપેલ કરિયાવર સાથે સોનાનું દાન કરી આપેલ છે.

તળાજા મુકામે રહેતા ધોબી પંકજભાઈ સાથે હારતોરા કરી લગ્ન ગ્રંથિથી બંધાયેલ છે. આ પ્રસંગે સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા, ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ વાજા, ધોબી સમાજના જૂનાગઢના પ્રમુખ મનસુખભાઈ સોલંકી ચોર્યાશી ધોબી સમાજના ટ્રસ્ટી અશોકભાઈ પરમાર તથા અન્ય ટ્રસ્ટીગણ, સમાજના આગેવાન શ્રીઓ એ હાજરી આપી નવદંપતીને આશીર્વાદ આપેલ હતા. ગોર મહારાજના મંત્રોચ્ચાર સાથે હસ્તમેળાપ થયેલ તથા રાજકીય આગેવાન જેઠાભાઈ પાનેરા ખાસ ઉપસ્થિત રહી આશીર્વાદ આપેલ હતા.

આગેવાન પરશુરામભાઈ ચૌહાણ, છોટુભાઈ વાજા, અલ્પેશભાઈ પરમાર, જયંતીભાઈ બ્રહ્માણી, અશોકભાઈ વાજા, રોનકભાઈ વાજા, અરૂણભાઈ પરમાર, રમેશભાઈ પરમાર તથા અન્ય આગેવાન હાજર રહેલ હતા. વિમલભાઈ ચૌહાણ દ્વારકા ધોબી સમાજના પ્રમુખ, રાજેશભાઈ કે વાજા, જૂનાગઢ, અરવિંદભાઈ રાઠોડ તેમજ પોરબંદરના જેન્તીભાઈ જીવનભાઈ વાળા, નર્મદાબેન જે દીકરીના માતા-પિતા છે તેઓ પણ ઉપસ્થિત રહયા હતા, ઈશ્વરભાઈ પરમાર એડવોકેટ માંગરોળ, અશોકભાઈ સોલંકી વડોદરા સાથે તળાજા ધોબી સમાજના આગેવાનો હાજર રહી નવદંપતિને આશીર્વાદ આપેલ હતા.

‘તુમ રક્ષક કાહુકો ડરના, સંકટ મોચન નામ તિહારો..’

# સોમનાથના સાગર ખેડૂઓની બોટ ઉપર હોય છે હનુમાનજીની ધ્વજા





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૩

૨૩ એપ્રિલે દેશ હનુમાન જયંતિ ઉજવી રહયો છે. ત્યારે એ પણ જાણવું રસપ્રદ થશે કે સોમનાથના વેરાવળ બંદર હોય કે ગીર સોમનાથ જીલ્લાના અન્ય બંદરો, પરંતુ મોટાભાગની બોટોમાં એક ધ્વજ જરૂર હોય છે અને તે છે સંકટ સામે રક્ષણ કરતા હનુમાનજીનો ધ્વજા જેમાં સાગર ખેડુઓને અપાર આસ્થા હોય છે.

માછીમાર સમાજ ધાર્મિક તેમજ સેવાભાવી સ્વભાવ ધરાવે છે. સમાજ પોતાની આજીવિકા માટે ઉંડા દરિયામાં જઈ માછીમારી કરતા હોય છે. ઉંડા દરિયામાં માછમારી કરતી વેળા હવામાન, વરસાદ, વાવાઝોડું અને અનેક સંકટો આવતા રહેતા હોય છે. આવા સંજોગોમાં શ્રધ્ધા અને ભાવના સાથે કોઈ માછીમારો દરેક સંકટ સમયે હનુમાનજીની પૂજા પણ કરતા હોય છે. તો કોઈ હનુમાન ચાલીસાનું પઠન પણ કરતા હોય છે. માછીમારો વતનથી દરિયાઈ સફર માટે છુટા પડયા પછી ૨૦થી ૨૫ દિવસની લાંબી ટ્રીપ હોય છે તે સમયગાળામાં મંદિર નિત્ય દર્શન ક્રમ જળવાતો નથી પરંતુ કાયમી ધોરણે બોટ ઉપર હનુમાનજી અંકિત ધ્વજા ફરકતી રાખવામાં આવે છે, જે તેનું મંદિર બને છે. જેમ મહાભારતના યુધ્ધ સમયે અર્જુનના રથની ઉપર હનુમાનજી ધ્વજા સાથે બિરાજમાન છે અને તેમણે અર્જુનની રક્ષા પણ કરી. આથી દરેક સાગરખેડૂ હનુમાનજીમાં અખૂટ શ્રધ્ધા ધરાવે છે અને ફિશીંગમાં જતી વખતે દરિયાદેવની સાથે એક નાળીયેર હનુમાનજીને પણ વધેરી પછી જ ફિશીંગમાં જવા રવાના થાય છે. માછીમાર સમાજની આ વર્ષો જુની પરંપરાને કારણે વેરાવળમાં બોટ ઉપર ફરકાવવાના હનુમાનજી અંકિત ધ્વજાઓ પણ બજારમાં મળી રહે છે.

# પાકિસ્તાન જેલમાં કેદ ગુજરાતના માછીમારોને છોડાવવા માંગ, પાકિસ્તાન જેલમાંથી માછીમારે લખ્યો પત્ર

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૩


અખિલ ભારતીય કોળી સમાજના પ્રદેશ મહામંત્રી રસિક ચાવડાએ ભારતના વડાપ્રધાન અને વિદેશ મંત્રાલયને પત્ર લખી જણાવ્યું છે કે ગુજરાતના વિશાળ દરિયાકાંઠે કોળી ખારવા મુસ્લિમ સમાજ જેવા સમાજો માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલ છે. માછીમારી આ વિસ્તારના લોકોને રોજગારીનું સાધન છે. ભારત- પાકિસ્તાન જળસીમાં નજીક માછીમારી કરવા સમયે અજ્ઞાનતા અને દિશાહીન થવાને કારણે પાકિસ્તાન જળસીમામાં પહોંચી જવાય છે. ત્યાં પાકિસ્તાન મરીન દ્વારા આ માછીમારોને બંદીવાન બનાવી જેલમાં કેદ કરવામાં આવે છે.

આવા માછીમારો સમયાંતરે ભારત પાકિસ્તાનના આંતરરાષ્ટ્રીય કરારના નિયમ અનુસાર છોડવામાં આવતા હોય છે. પરંતુ હાલમાં પાકિસ્તાન જેલમાંથી એક પત્ર માછીમાર ભરતભાઈ બાભણીયા નામના માછીમારે લખેલ છે. અને તેમાં જણાવેલ છે કે કુલ ૧૮૩ માછીમારોને ક્લિયરન્સ મળી ગયું છે જેમાં ૧૪૮ જૂના માછીમારો ( ૨૦૨૧/૨૨ ) ના છે તેઓને ૧૪૪ માછીમારોને ત્યાંની કોર્ટે ૧૮/૨/૨૩ ના રોજ ક્લિયરન્સ આપી દીધું છે. ત્યારબાદ આ માછીમારોને કોર્ટમાં લઈ જવામાં આવતા નથી. કોર્ટને એવી જાણકારી છે કે આ માછીમારોને છોડી દેવામાં આવ્યા છે. ત્યારે જેલ અધિકારીઓ દ્વારા આ માછીમારોને આજ દિન સુધી છોડવામાં આવ્યા નથી તેવું પત્રમાં જણાવેલ છે. અને અમુક માછીમારો જેલ પ્રશાસન દ્વારા છુપાવી રાખવામાં આવ્યા છે. અમુક માછીમારો છેલ્લા ત્રણ ચાર વર્ષથી કેદ છે. તેમની પાછળ પકડાયેલ માછીમારોને છોડી નાખવામાં આવ્યા છે પરંતુ આ માછીમારોને હજી સુધી છોડવામાં આવ્યા નથી. આ માછીમારો શારીરિક અને માનસિક રીતે બીમાર પડ્યા છે. ત્યારે આ છુપાયેલ માછીમારોને છોડાવવામાં માટે પાકિસ્તાન જેલમાંથી પત્ર લખવામાં આવેલ છે. રસિક ચાવડા દ્વારા પત્રમાં ભારત સરકાર દ્વારા પાકિસ્તાનની અલગ-અલગ જેલોમાં કેદ ગુજરાતના માછીમારોને પાકિસ્તાન સ્થિત ભારત દુત્તાવાસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ થાય અને જેલ અધિકારીઓ દ્વારા છૂપાવી રાખેલ માછીમારોની ઓળખ કરી તેની વહેલી તકે છોડવામાં આવે તેવી માંગ કરી છે.

અત્રે ઉલ્લેખનીએ છે કે પાકિસ્તાનમાં કેદ માછીમાર ભરત બાંભણિયા દ્વારા અનેક રાજકીય આગેવાનો સુધી આ પત્ર પહોંચાડવા માંગ કરી હતી અને તેમાં ખાસ કરીને કોળી સમાજના આગેવાન એવા રસિક ચાવડા સુધી આ પત્ર પહોંચાડવા વિનંતી કરી હતી. આ અગાઉ શ્રી ચાવડાએ અનેક વખત માછીમારો માટે રજૂઆત કરી હતી અને તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિદને રૂબરૂ મળીને પણ માછીમારોને છોડાવવા માટે રજૂઆત કરી હતી. ત્યારે ઉપરોકત માછીમારોને છોડાવવા માટે તંત્ર દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ માછીમારોના કુટુંબીજનો દ્વારા પણ કરવામાં આવી છે.

# માણાવદરમાં હનુમાન જયંતિ નિમિત્તે હડમતાળી હનુમાન મંદિરે મહાપ્રસાદ






માણાવદર તા. ૨૩

માણાવદર પંથકમાં ઠેર-ઠેર હનુમાન જયંતિની ભવ્ય ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. માણાવદરમાં બ્રહ્મલીન રઘુવીરદાસબાપુએ હનુમાન જયંતિમાં ગુંદી, ચણા, ગાંઠીયાની પ્રસાદી જમાડવાનું ચાલુ કરેલ ત્યારબાદ પંથકમાં ગામેગામ હનુમાન જયંતિની ઉજવણી ચાલુ થઈ છે. ત્યારે સૌથી વિશાળ એવા હડમતાળી હનુમાન મંદિરે આજરોજ તા.૨૩-૪-૨૪ના સવારે ૧૦.૩૦ થી મહાપ્રસાદનો પ્રારંભ થયેલ છે જે ૨.૩૦ કલાક સુધી ચાલુ રહેશે. જેમાં મંદિરના સેવક ચંદુભાઈ દેકીવાડીયાના માર્ગદર્શન હેઠળ ૨૦૦ જેટલા કાર્યકરોની ટીમ દ્વારા મહાપ્રસાદ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ૨૦ ડબ્બા શુધ્ધ ઘી, ૪૦૦ કિલો વેસણ, ૬૦ ડબ્બા તેલ, ૧૮ ગુણી ખાંડથી ગુંદી, મોહનથાળ બનાવવામાં આવેલ છે. સાથે ૨૦૦ કિલો તુવેર, ૩૨૦ કિલો ચોખા, ૬૦૦ કિલો બટાટા, ૮૦૦ લીટર ઘોરવું વગેરે દ્વારા મહાપ્રસાદ તૈયાર કરવામાં આવેલ છે. જેનો સૌપ્રથમ મહાઆરતી વખતે હડમતાળી હનુમાનજી મહારાજને ભોગ ધરવામાં આવેલ હતો. ત્યારબાદ ભકતજનો માટે પ્રસાદ વિતરણ શરૂ કરવામાં આવેલ છે. જેનો ભકતજનો બહોળી સંખ્યામાં લાભ લઈ રહયા છે.

# શ્રી ધર્મભક્તિ જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ ખાતે ‘વિશ્વ પૃથ્વી દિવસ’ની ઉજવણી કરાઈ











(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૨૩

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત શ્રી ધર્મ ભક્તિ જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા "વિશ્વ પૃથ્વી દિવસ" ની ઉજવણી કરવામાં આવેલ જેમાં લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓને પીપીટી પ્રેઝન્ટેશન તથા વિડીયો દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રના એકેડેમીક કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક વિશે સમજ આપવામાં આવેલ તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક નો ઉપયોગ કેમ ઘટાડી શકાય તે અંગે હાજર સર્વેને માહિતગાર કરવામાં આવેલ. તેમજ આ તકે લોકવિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર નરેશભાઈ એન. ગુંદરણીયા એ તેમના પ્રવચનમાં જણાવેલ કે ‘વિશ્વ પૃથ્વી દિવસ’ દર વર્ષે ૨૨ એપ્રિલે ઉજવવામાં આવે છે. પૃથ્વી માત્ર માણસોનું જ નહીં પણ લાખો પ્રાણીઓ અને વનસ્પતિઓનું પણ ઘર છે, પરંતુ મનુષ્ય પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે પૃથ્વીને અનેક પ્રકારના નુકસાન પહોંચાડી રહ્યો છે. જેના કારણે પૂર, પ્રદૂષણ, જળવાયુ પરિવર્તન, ગ્લોબલ વોર્મિંગ જેવી અનેક સમસ્યાઓ જોવા મળી રહી છે. અત્યારે પણ જો આ સમસ્યાઓ પર ધ્યાન આપવામાં ન આવે તો ભવિષ્યમાં તે ઘણા જોખમોનું કારણ બની શકે છે. ’વિશ્વ પૃથ્વી દિવસ’ દર વર્ષે ૨૨ એપ્રિલે લોકોને પૃથ્વી અને પ્રકૃતિના મહત્ત્વ વિશે જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે. વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીનો વિચાર સૌપ્રથમ શાંતિ કાર્યકર્તા જ્હોન મેકકોનેલે ૧૯૬૯માં યુનેસ્કોની કોન્ફરન્સમાં રજૂ કર્યો હતો. શરૂઆતમાં, આ દિવસની ઉજવણીનો હેતુ પૃથ્વીનું સન્માન કરવાનો હતો. યુનાઈટેડ સ્ટેટ્સમાં ૨૨ એપ્રિલ, ૧૯૭૦ના રોજ પ્રથમ વખત પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૧૯૯૦માં, ડેનિસ હેયસે આ દિવસને વૈશ્વિક સ્તરે ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો જેમાં ૧૪૧ દેશોએ ભાગ લીધો હતો. વર્ષ ૨૦૧૬માં, પૃથ્વી દિવસ આબોહવા સંરક્ષણને સમર્પિત કરવામાં આવ્યો હતો. હાલમાં, પૃથ્વી દિવસનું નેટવર્ક ૧૯૦ દેશોમાં ૨૦,૦૦૦ ભાગીદારો અને સંગઠનોમાં વિસ્તરેલું છે.

દર વર્ષે વિશ્વ પૃથ્વી દિવસ એક થીમ સાથે ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૨૪માં તેની થીમ છે - **'Planet Versus Plastic'** આ થીમનો હેતુ સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને સમાપ્ત કરવાનો અને તેના વિકલ્પોની શોધ ઉપર ભાર આપવાનો છે.

વિશ્વ પૃથ્વી દિવસ પર, લાખો લોકો પ્રદૂષણ અને તેના જોખમો, વનનાબૂદી જેવા પર્યાવરણીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એકઠા થાય છે. આ પ્રસંગે, વિશ્વભરમાં વિવિધ કાર્યક્રમોની મદદથી, લોકોને પર્યાવરણ માટે ઉભા થયેલા જોખમો વિશે જણાવવામાં આવે છે અને તેઓને પૃથ્વીને બચાવવાના પ્રયાસો વિશે જાગૃત કરવામાં આવે છે.

ત્યારબાદ વિશ્વ પૃથ્વી દિવસ વિશે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક દ્વારા કેવી રીતે ઈકો બ્રિક્સ બનાવી શકાય અને તેનો ઉપયોગ શું કરી શકાય તે વિશે લોક વિજ્ઞાન કેન્દ્રના સાયન્સ કમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણી દ્વારા પ્રવૃત્તિ કરી સમજાવવામાં આવેલ.

# સોમનાથમાં છે મકર ધ્વજ હનુમાનજીનું પાવનકારી વિશિષ્ટ મંદિર



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૩

સોમનાથ-પાવનકારી પ્રભાસ તિર્થમાં હિરણ નદીને કાંઠે, શીતળા માતાજીના મંદિર જવાના રસ્તે વિશિષ્ટ-દર્શનીય મકર ધ્વજ હનુમાનજીનું મંદિર આવેલું છે. બાલાજી ટ્રસ્ટ વેરાવળ સંચાલિત લગભગ ૪૦ વર્ષ ઉપરાંતનું આ મંદિર છે. મંદિરની વિશિષ્ટતા કહેતા મંદિરના મહંત-પૂજારી ભરતગીરી ગોસ્વામી કહે છે ‘લગભગ સૌરાષ્ટ્રમાં આ પ્રકારનું મંદિર નથી. સામાન્ય રીતે આપણે હનુમાનજીની ઉભેલી પ્રતિમા-મૂર્તિઓ મંદિરમાં જોતા હોઈએ છીએ, જયારે અહીં વિશાળ અનેજમીન ઉપર સુતેલ મુદ્રામાં મૂર્તિ બિરાજમાન છે. મંદિરના ભોંયતળીયામાં ખુલ્લી જગ્યા રાખી અંદાજે ૨૦ ફુટ ઉપરાંત લાંબી, પાંચ ફુટ પહોળી અને દોઢ ફુટનો ઘેરાવો ધરાવતી દર્શનીય મૂર્તિ છે.’ મંદિરના ઈતિહાસ અંગે ભરતગીરી સ્વામિએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના રાણાબાપા ભગ ત તે સમયમાં અલ્હાબાદ યાત્રાએ ગયેલ હતા ત્યાં તેને આવી મૂર્તિ જોઈને સોમનાથમાં આવી મૂર્તિ બનાવવા પ્રેરણા મળી હતી. પ્રથમ તો તેને માટીની મૂર્તિ બનાવી અને સમયાંતરે હવે અને હાલ પાષણની મૂર્તિ છે. મંદિરના ઉપલા મજલા પરથી મૂર્તિનું સંપુર્ણ દર્શન કરી શકાય છે. ભાસ્કર વૈદ્ય સાથેની મુલાકાતમાં પૂજારીએ જણાવ્યું હતું કે, આ મંદિર પરિસરમાં નર્મદેશ્વર મહાદેવનું દિવ્ય મંદિર, કાલભૈરવ, રામાપીર સ્થાનક, નાગદેવતા સ્થાનક, રાણા ભગતની છબી અને ધુણો તથા બિલ્વપત્ર વૃક્ષ નીચે ઘંટેશ્વર મહાદેવ બિરાજમાન છે. અહીં સવારે ૭ વાગ્યે અને સાંજે ૭ વાગ્યે આરતી થાય છે અને હનુમાન જયંતિએ બટુકભોજન, હનુમાન ચાલીસા પાઠ, શૃંગાર પૂજા અને પ્રસાદી વિતરણ કાર્યક્રમો યોજાયેલ છે.

# સોમનાથ મંદિર પરિસરમાં આવેલું છે પૌરાણિક કષ્ટભંજન હનુમાનજીનું મંદિર



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૩

વિશ્વપ્રસિધ્ધ ભારત બાર જયોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં કષ્ટભંજન હનુમાનજીનું દિવ્ય દર્શનીય મંદિર આવેલું છે. પ્રતિવર્ષ હનુમાન જયંતિ પર્વે હનુમાનજીની પ્રાત: વિશેષ મહાપૂજા મંદિરના મુખ્ય પૂજારી તથા સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર દ્વારા કરવામાં આવે છે.

# ગીર સોમનાથ પોલીસે સાયબર ક્રાઈમનો ભોગ બનેલ વ્યક્તિને રૂા.૧૨,૭૦૦/પરત અપાવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૩

હાલના સમયમાં લોકોને અવનવી સ્કીમો અને લોભામણી લાલચ આપી છેતરી રૂપિયા પડાવવાના ખોટા બીમારીના બહના બતાવી રૂપિયા પડાવવાના સાયબર ફ્રોડના બનાવો વધ્યા છે. જેમાં ગીરગઢડા તાલુકાના સોનપરા ગામના યુવાન જયેશ કુમાર કાન્તિલાલ પરમારને ફોન ઉપર અજાણ્યા ઈસમએ પોતાની પત્ની બીમાર હોય સારવાર માટે રૂપિયાની જરૂર હોય તેના ખાતામાંથી સીધા રૂપિયા જમાં થતાં ના હોય અને જયેશ ભાઈના ખાતામાં રૂપિયા જમાં કરવાની લાલચ આપી રૂા.૧૨,૭૦૦/ આરોપીના ખાતામાં જયેશભાઈ રૂપિયા જમાં કરાવેલ અને પરત અરજદારના ખાતામાં રૂપિયા જમાં ના કરાવી સાયબર ફ્રોડ થયાની ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડાની કચેરીએ લેખિતમાં પુરાવાઓ સાથે અરજી કરતા જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા, ગીર સોમનાથ જિલ્લાના પોલીસ અધ્યક્ષ મનોહરસિંહ જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક ઊના વિભાગના એમ.એફ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ જિલ્લાની સાયબર સેલના ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા (S.O.G.) ના માર્ગ દર્શન હેઠળ ગીરગઢડાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે. આર. ડાંગર અને એ.એસ.આઈ. મનુભાઈ કરશનભાઈ વાજાએ એકાઉન્ટ નંબરના આધારે સાયબર ક્રાઈમની મદદ થી સામાવાળા રિયાઝ રે. નીજર, મેવાત, સિકરવા રાજ્ય હરિયાણા વાળાનો સંપર્ક કરી ભોગ બનનાર જયેશકુમાર કાન્તિલાલ પરમાર રે. સોનપરા તા. ગીરગઢડા વાળાને રૂા.૧૨,૭૦૦/પરત અપાવતા તમામ પોલીસ ટીમનો આભાર માનેલ હતો.

લોકસભાની ચુંટણી ટાણે વકતાએ આપ્યો બોધ

# પાંચ કિલો અનાજના બદલામાં મત આપનારા વિચારજો, રોજગારી કેમ મેળવશો?

## દેશમાં લોકસભાની ચુંટણીને લઈને પ્રચાર તંત્ર પુરજોશમાં ચુંટણીસભા ગજવતા એક પત્રકારે વર્તમાન સ્થિતિ સ્પષ્ટ કરી કોને મત આપવો જોઈએ તેવું દિશા નિર્દેશ પણ આપ્યું

જૂનાગઢ તા. ૨૨


લોકસભાની ચુંટણી અંતર્ગત પ્રચાર તંત્ર જોરશોરથી ચાલી રહયું છે ત્યારે બિહારમાં એક ચુંટણીસભાને સંબોધતા એક તેજાબી વકતાએ એકલા બિહારજ નહિ પરંતુ સમગ્ર દેશવાસીઓને લોકસભાની ચુંટણીમાં મત કોને આપવો જોઈએ? તે અંગેની ગાઈડલાઈન જારી કરી હતી. એટલું જ નહિ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકાર સામે પણ ગંભીર આક્ષેપો કર્યા છે. આ તેજાબી વકતાએ તો ત્યાં સુધી લોકોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, પાંચ કિલો મફત અનાજ માટે વેંચાઈ જઈ અને તમે પાંચ વર્ષ માટે કોઈ એવા હાથને દેશનું સુકાન સોંપી દેશો કે જેને લઈને પાંચ વર્ષમાં બેરોજગારીનું પ્રમાણ ખુબજ વધી જશે.


રોજગારીની પતર ખંડાઈ જશે અને પાંચ કિલો અનાજ આપશો તો રોજગારીનું કોણ સર્જન કરશે? તેવો સળગતો સવાલ વહેતો મુકયો છે ત્યારે એકલા બિહારને નહિ પરંતુ સમગ્ર દેશની જનતાને વિચાર કરતા આવા મુદાને આ નેતાએ હાથમાં લીધા છે ત્યારે ભારે રાજકીય ખળભળાટ મચી ગયેલ છે. દેશમાં લોકસભાની તબકકાવાર ચુંટણીઓ યોજવામાં આવી રહી છે અને કેન્દ્રમાં ફરી એકવાર નવી સરકાર રચાઈ જવાની છે. જે તે રાજયોમાં લોકસભાની ચુંટણી માટેના કાર્યક્રમો જાહેર થયા છે તે પ્રમાણે ચુંટણીઓ થશે. આજે પાંચ વર્ષ બાદ મતદારોને પોતાના નેતા ચુંટવાનો અધિકાર મળ્યો છે. ત્યારે સમજી, વિચારીને નેતાને પસંદ કરવા હાંકલ થઈ રહી છે. મતદારોને જુદા જુદા પ્રલોભનો આપી અને મત મેળવી જનારાઓથી સાવધાન રહેવાની ખાસ જરૂર છે. બિહારમાં ચુંટણી અનુસંધાને એક વકતાએ ભારે જોશપુર્વક જનતા સમક્ષ માત આપવા માટે કેવો નિર્ણય કરવો તે બાબતે કેટલાક મુદાઓ ઉઠાવી અને લોકોને સંનીષ્ઠ વ્યક્તિને મત આપવા તેમજ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની સામે ગંભીર પ્રકારના આક્ષેપો પણ કર્યા છે. આ વકતાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવેલ છે કે, મંદિર બનાવનારાને જો તમે મત આપશો તો ફેકટરીઓ કોણ બનાવશે?

પાંચ કિલો મફત અનાજ માટે જો મોદી સરકારને મત આપશો તો રોજગારી કોણ આપશે, ઉપરાંત નરેન્દ્ર મોદી ૫૬ની છાતી ધરાવે છે તો તેમને માત આપી બરબાદી અને બેહાલી જેવી સ્થિતીમાં મુકશો તેવી સ્પષ્ટ ચેતવણી આપી છે. આ ઉપરાંત તમારા બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવાની પણ હાંકલ કરી છે. જો તમારા બાળકોને સારૂ શિક્ષણ નહિ મળે તો એક વખત એવો આવશે કે નોકરી માટે વલખા મારવા પડશે અને નેતાઓ પાસે તમારા બાળકને ભીખ માંગવાનો વારો આવશે જેથી તમારૂ ભવિષ્ય ઉજજવળ બને તે માટે પુર્ણ સાવચેતી રાખી અને કોઈના ગાડરીયા પ્રવાહમાં જવાના બદલે નિષ્ઠાવાન અને સમગ્ર દેશનું નકકર રીતે ભલું કરી શકે તેમજ દેશમાંથી બેરોજગારી, ભુખમરો, ભ્રષ્ટાચાર વગેરે કાયમ દુર થાય અને નવા ભારતનું નિર્માણ થાય તેવી સરકાર બની શકે તે માટે યોગદાન આપવા અપીલ કરી છે. પાંચ કિલો અનાજ માટે મત આપી અને બેરોજગાર રહેવા કરતા સંનીષ્ઠને મત આપી અને રોજગાર મેળવી પગભર રહેવા યોગ્ય વ્યક્તિને મત આપવા હાંકલ કરી હતી. નેતાએ કરેલા આ ભાષણ ઉપરથી સમગ્ર દેશવાસીઓએ બોધપાઠ લેવાની જરૂર છે તેમ તમને નથી લાગતું?

## સાળંગપુરધામ ખાતે ‘‘કિંગ ઓફ સાળંગપુર’’ મૂર્તિ ઉપર ૫ હજાર કિલો પુષ્પની વર્ષા કરવામાં આવી







(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૨૩

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તથા કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી ગુરુ પુરાણી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી (અથાણા વાળા)ના માર્ગદર્શનથી ‘‘શ્રી હનુમાન જયંતી’’ મહોત્સવ એવં લોકડાયરો, દાદાને વિશેષ ૧૫ કિલો ચાંદીના ૧ લાખ ૮ હજાર હીરાજડિત વાઘા ધરાવી, પુષ્પવર્ષા વિગેરે કાર્યક્રમનું ભવ્યાતિભવ્ય આયોજન તા.૨૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. પહેલીવાર સાળંગપુર હનુમાનજી મંદિર પરિસરમાં ૫૪ ફૂટ ઊંચી કિંગ ઓફ સાળંગપુરની ‘‘કિંગ ઓફ સાળંગપુર’’ મૂર્તિ પર ૫ હજાર કિલો પુષ્પની વર્ષા સાંજે ૬.૦૦ કલાકે કરવામાં આવી. તો ૨૨ એપ્રિલ એટલે કે, સોમવારના રોજ ૫૪ ફૂટ ઊંચી હનુમાનજીની કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ પર ૫,૦૦૦ કિલો પુષ્પનો અભિષેક સાંજે ૬.૦૦ કલાકે આવી હતી આ માટે ૩ થી ૪ પ્રકારના પુષ્પો વડોદરા અમદાવાદ અને ઉત્તર ગુજરાત અને મધ્યપ્રદેશથી મંગાવ્યા હતા પુષ્પાભિષેક કરવા માટે ૧૬ ટનની ક્રેન વડે ૮૦ ફૂટ ઉપર ૧૫x૨૫નું સ્ટેજ બનાવાયું હતું. જયાંથી સંતો અને યજમાનો દાદાનો પુષ્પાભિષેક કરવામાં આવ્યો હતો. આ પછી અમેરિકન ગોટ ટેલેન્ટ વિજેતા ડાન્સ ગ્રુપ દ્વારા ભવ્ય ડાન્સરજુ કરવામાં આવશે.

કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ સમક્ષ અનેક પ્રકારની અગ્નિઓથી પૂજન એવમ્ મહાઆરતી કરવામાં આવી, મહાઆરતીમાં સંપ્રદાયના મૂર્ધન્ય સંતો, ભકતો, યજમાનશ્રીઓ અને સ્વયંસેવકો ભાવપૂર્વક જોડાયા હતા.

## કેશોદ નજીક આવેલા ખુભડી ગામે ચામુંડા માતાજીના મંદિરે યજ્ઞ, ધ્વજારોહણ, સમુહ પ્રસાદી અને લોકડાયરો યોજાયો

(પ્રતિનિધી દ્વારા)

કેશોદ તા.૨૩

કેશોદ નજીક આવેલા ખુભડી ગામે જાદવ પરિવાર ના કુળદેવી ચામુંડા માતાજીનું મંદિર આવેલું છે જે મંદિર નું પુનઃ નિર્માણ કરવામાં આવ્યું હતું જે પુર્ણ થતાં બે દિવસીય ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખુભડી ગામના ભાવિકો ભકતો અને સૌરાષ્ટ્ર ઉપરાંત બહાર વસતાં જાદવ આહિર પરિવાર દ્વારા અધતન નવનિર્મિત મંદિર ખાતે અગીયાર કુડી યજ્ઞ શાસ્ત્રોક્ત વિધિ સાથે રાખવામાં આવ્યો હતો. કેશોદ નજીક આવેલા ખુભડી ગામે આવેલ ચામુંડા માતાજીના મંદિરે યોજાયેલા બે દિવસના કાર્યક્રમમાં પ્રથમ દિવસે હેમાદ્રી દેવ આહવાન સ્થાપન શાસ્ત્રોક્ત વિધિ સાથે અગીયાર કુડી યજ્ઞ નું આયોજન કરવામાં આવેલ અને રાત્રે દાંડીયા રાસનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા દિવસે અગીયાર કુડી યજ્ઞ નું બીડુ હોમવામાં આવ્યાં બાદ ધ્વજારોહણ કાર્યક્રમ સાથે ધાર્મિક વિધિ સંપન્ન થયો હતો. રાત્રે ભવ્ય લોક ડાયરામાં ગોપાલ સાધુ અને પૂનમ ગોંડલીયા દ્વારા સાજીદાઓ ના સથવારે લોકગીત ભજન દુહા છંદ ની રમઝટ બોલાવવામાં આવી હતી. કેશોદ નજીક આવેલા ખુભડી ગામે આવેલ ચામુંડા માતાજીના મંદિરે યોજાયેલા બે દિવસીય ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો મા રાજકીય આગેવાનો પદાધિકારીઓ સહિત ગ્રામ્ય વિસ્તારના રહીશો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. જાદવ આહિર પરિવાર ના કુળદેવી ચામુંડા માતાજીના મંદિરે શાસ્ત્રોક્ત વિધિ પૂરી થયા બાદ સમુહ પ્રસાદી નું આયોજન કરવામાં આવ્યું હતું. કેશોદ નજીક આવેલા ખુભડી ગામે યોજાયેલા બે દિવસીય ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો થી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. જાદવ આહિર પરિવાર પોતાના ધંધા રોજગાર અર્થે વતનથી દુર વસવાટ કરતાં હોય ત્યારે કુળદેવી ચામુંડા માતાજીના સાનિધ્યમાં યોજાયેલા બે દિવસીય ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો મા એકબીજાને મળતાં ખુશી જોવા મળતી હતી.

## આરેણા પે સેન્ટર શાળામાં શિક્ષકનો નિવૃત્તિ વિદાય કાર્યક્રમ યોજાયો



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૩

શ્રી આરેણા પે સેન્ટર શાળા અને પેટા શાળાઓના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૨ ૪ ૨૦૨૪ ના રોજ શ્રી અમુલખ બાલુભાઈ મોરીનો ભવ્ય વય નિવૃત્તિ સન્માન સમારંભ યોજાઈ ગયો આ કાર્યક્રમમાં માંગરોળ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી ઓડેદરા સાહેબ, પ્રાથમિક શિક્ષક સંઘ, શૈક્ષિક મહાસંઘ અને ઉત્કર્ષમંડળના હોદ્દેદારો તેમજ કેળવણી નિરીક્ષકશ્રી દેવશીભાઈ નંદાણીયા, બીઆરસી કોઓર્ડીનેટર નરેન્દ્રસિંહ ચુડાસમા ભૂતપૂર્વ આચાર્યશ્રીઓ શિક્ષકશ્રીઓ તેમજ માંગરોળ તાલુકાની જુદી જુદી શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષક શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ મોરી સાહેબના પરિવારજનો સગા સંબંધીઓ ની હાજરી પણ મોટા પ્રમાણમાં રહેલ. તાલુકા વિકાસ અધિકારીશ્રી ઓડેદરા સાહેબે પોતાના પ્રવચનમાં આવનારી લોકસભા ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરવા અપીલ કરી હતી આ સાથે શ્રી આરેણા પે.સેન્ટર શાળાના ધોરણ આઠના બાળકોનો વિદાય કાર્યક્રમ પણ યોજવામાં આવેલ ઉપસ્થિત અધિકારીઓ પદાધિકારીઓ દ્વારા આ બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આરેણા પે સેન્ટરના શિક્ષક શ્રી જશવંત ગઢવીએ કર્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા આરેણા પે.સેન્ટર અને પેટા શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષક મિત્રોએ જહેમત ઉઠાવેલ.

## ખંભાળિયાના પીર લાખાસર ગામે ઘરફોડ ચોરી પ્રકરણના આરોપીને એલસીબી પોલીસે દબોચી લીધો



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩

ખંભાળિયા નજીક આવેલા પીર લાખાસર ગામે તાજેતરમાં એક આસામીના રહેણાંક મકાનમાંથી સોના-ચાંદીના દાગીના સહિતના મુદ્દામાલની ચોરી થવા પામી હતી. જે અંગે લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તાકીદની કાર્યવાહી કરી, ગણતરીના કલાકોમાં હાલ લાલપુર તાલુકાના રહીશ એવા એક મુસ્લિમ શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો.

આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના પીર લાખાસર ગામે રહેતા એક આસામીના બંધ રહેણાંક મકાનમાંથી થોડા દિવસો પૂર્વે સોના તથા ચાંદીના દાગીના ઉપરાંત રોકડ સહિત રકમ સહિતના મુદ્દામાલની ચોરી થયાનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. જેને અનુલક્ષીને એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમ દ્વારા તાકીદ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ પ્રકરણમાં હેડ કોન્સ્ટેબલ ડાડુભાઈ જોગલ, એ.એસ.આઈ. સજુભા જાડેજા તથા જેસલસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે હાલ લાલપુર તાલુકાના ઝાંખર ગામની સીમમાં રહેતા અને મૂળ પીર લાખાસર ગામના રહીશ ઉમર ઉર્ફે અબાડો આલીભાઈ દેથા નામના ૪૦ વર્ષના મુસ્લિમ શખ્સને પોલીસે ઝડપી લઈ, તેના કબજામાંથી ચોરીની સોનાની વીંટી, સોનાનો ઓમકાર, ચાંદીની ઝાંઝરી તથા સાંકળાની જોડી, વીંટી વિગેરે ઉપરાંત રૂપિયા ૧,૦૦૦ રોકડા અને રૂપિયા ૫,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન તેમજ રૂ. ૧૫,૦૦૦ ની કિંમતનું એક મોટરસાયકલ મળી, કુલ રૂપિયા ૭૨,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ અર્થે આરોપીનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે.


અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત આરોપી સામે ખંભાળિયા, કલ્યાણપુર, લાલપુર, જામજોધપુર અને શેઠ વડાળા પોલીસ મથકમાં ઘરફોડ ચોરી, હથિયાર ધારા સહિતના જુદા જુદા આઠ ગુનાઓ નોંધાયા હોવાનું પણ ખુલવા પામ્યું છે.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પીઆઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, આકાશ બારસીયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, સજુભા જાડેજા, અજીતભાઈ બારોટ, ડાડુભાઈ જોગલ, જેસલસિંહ જાડેજા, ગોવિંદભાઈ કરમુર, સચીનભાઈ નકુમ, પ્રકાશભાઈ ચાવડા તેમજ વિશ્વદિપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

## જૂનાગઢ ભવનાથ શનિ મંદિરે હનુમાન જયંતીની ઉજવણી

### પુ. તુલસીનાથ બાપુના સાનિધ્યમાં મારૂતી યજ્ઞ, ૧૧૧ હનુમાન ચાલીસા પાઠ સાથે આહુતી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ ભવનાથ તળેટી સ્થિત શનિદેવ મંદિર ખાતે મહંત તુલસીનાથ બાપુના સાનિધ્યમાં સવારથી હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં સવારે ૬ વાગ્યાથી મારૂતી યજ્ઞનો પ્રારંભ થયો છે. ૧૧૧ હનુમાન ચાલીસાના પાઠથી આહુતી આપવામાં આવેલ અને નાગરવેલના પાનમાં ધુપ, અંકદાણા, ફુલ, સોપારી, લવિંગ, કમોદ, જવ, તલ, ગુગળ બધુ મુકી બિડા વાળી પછી ઘીમાં બોળી હનુમાનચાલીસા બોલીને એક એક બીડાની આહુતી આપવામાં આવેલ હતી. આ હવન પુરો થયા બાદ સત્યનારાયણ ભગવાનની કથા રાખવામાં આવેલ છે.

જે દર પુનમે કરવામાં આવે છે તો ધર્મ પ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા પુ. એકતાનાથજીએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

## લોકસભાની ચૂંટણીમાં કોઈ વ્યક્તિ કે સમુદાયથી ભય હોય તો પોલીસ કંટ્રોલના ૧૦૦ નંબર ઉપર જાણ કરો

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ જીલ્લા પોલીસ અધીક્ષકની કચેરી દ્વારા એક યાદી જણાવેલ છે કે, લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ની પ્રક્રિયા મુક્ત અને ન્યાયીક રીતે પુર્ણ થાય તે રીતે ચૂંટણી કમિશ્નરશ્રી ભારત સરકાર તરફથી જૂનાગઢ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર દેખરેખ માટે ઓબ્ઝર્વર તરીકે નાઝનીન ભસીન(આઈપીએસ-૨૦૦૭ બેચ) હરીયાણા મો.૯૬૬૪૫૩૫૮૦૫ની નિમણુંક કરવામાં આવેલ છે. જૂનાગઢ જીલ્લાની જાહેર જનતાને આથી અપીલ કરવામાં આવી છે કે કોઈપણ વ્યક્તિ કે સમુદાયથી ભય હોય તો ૧૦૦ નંબર ઉપર સંપર્ક કરી પોલીસની મદદ મેળવી શકે છે તેમજ જરૂર જણાય તો અમારો સંપર્ક ૦૨૮૫-૨૬૩૪૬૦૧ ઉપર સાધવા એક યાદીમાં જણાવેલ છે.

## દ્વારકામાં શ્રીકૃષ્ણ રૂક્ષ્મણી સત્કાર સ્વાગત કાર્યક્રમમાં રંગોળીના માધ્યમથી મતદાર જાગૃતિનો સંદેશો પાઠવ્યો







(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૩

લોકસભા સામાન્ય ચુંટણી - ૨૦૨૪ અંતર્ગત તા. ૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કોઈપણ મતદાતા મતદાનથી વંચિત ન રહે તે માટે જિલ્લા ચુંટણી અધિકારી અને જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ત્યારે પ્રજાજનો ધર્મની સાથે સાથે મતદાન કરી લોકશાહીના અવસરમાં ભાગીદાર થઈ નાગરિક ધર્મ પણ નિભાવે તે માટે ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણી વિવાહ સત્કાર સમારોહ અંતર્ગત યોજાયેલી શોભાયાત્રાના રૂટ ઉપર મતદાન કરવા પ્રેરણા આપતી રંગોળી દોરવામાં આવી હતી. ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીની જાન દ્વારકા ખાતે આવી પહોંચતા વિવિધ સમાજ, વિવિધ સંસ્થાઓ અને એસોશીએશન દ્વારા વિવિધ સ્થળોએ સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત સ્થળો જેવા કે, રબારી ગેટ, તીન બત્તી ચોક, જોધા માણેક ચોક, કીર્તિ સ્તંભ, હાથી ગેટ ખાતે જિલ્લા સ્વિપ એકટીવિટી નોડલ મધુબેન ભટ્ટના માર્ગદર્શન [redacted]

## ૨૩ એપ્રિલ વિશ્વ પુસ્તક દિવસ

આજે વિશ્વ પુસ્તક દિવસ છે, જેને ઘણા લોકો કોપી રાઈટ દિવસ તરીકે પણ ઉજવે છે. વિશ્વ પુસ્તક દિવસ (Wrold Book Day) દર વર્ષે ૨૩ એપ્રિલે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે.

આજનાં સ્માર્ટફોનના યુગમાં પુસ્તકનું મહત્વ : કોઈએ સાચું જ કહ્યું છે કે એક સારું પુસ્તક સો મિત્રોની ગરજ સારે છે. પુસ્તકોનું આપણા જીવનમાં ઘણું મહત્વ છે, કારણ કે તે આપણા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે આપણને સાચા માર્ગ પર લઈ જાય છે. પુસ્તકો વાંચવા એ એક સારી આદત છે જેને દરેક વ્યક્તિએ અનુસરવી જોઈએ. આજના સ્માર્ટફોનના (Smartphone)યુગમાં પણ પસ્તકોનં એટલં જ મહત્વ રહેલું છે.

[redacted]માં પણ પુસ્તકો વાંચતા થયાં છે. [redacted] મદદથી [redacted]વિતાઓ વગેરે અનેક વિષયોથી [redacted]વી શકે છે.


વિશ્વ પુસ્તક દિવસની શરૂઆત : યુનેસ્કોએ ૨૩ એપ્રિલ ૧૯૯૫ના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી શરૂ કરી હતી. ત્યારબાદથી લોકોમાં પુસ્તકો વિશે જાગૃત કરવા અને પુસ્તકોનું મહત્વ સમજાવવા માટે વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

એટલું જ નહીં ૨૩ એપ્રિલની તારીખ પસંદગી કરવા પાછળનું કારણ છે. કારણ કે ૨૩ એપ્રિલના રોજ જાણીતા લેખક વિલિયમ શેક્સપીયર, મિગ્યુએલ દે સર્વેન્ટસ અને જોસેપ પ્લેયા ૨૩ એપ્રિલના રોજ મૃત્યુ પામ્યા હતા. તે જ સમયે મેન્યુઅલ મેજિયા વલેજો અને મોરિસ ડ્રુનનો જન્મ ૨૩ એપ્રિલના રોજ થયો હતો.

લેખન ::
ડો સચિન જે પીઠડીયા
G.E.S Class 2
સરકારી વિનયન કોલેજ ભેંસાણ


# હે.. સંકટમોચન દેવ સૌનુ કલ્યાણકરોની પ્રાર્થના સાથે હનુમાન જયંતિની ઉજવણી

## જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આજે સવારથી જ પૂજન, અર્ચન, આરતી, બટુક ભોજન સહિતના યોજાયા કાર્યક્રમો : ભાવિકોની દર્શનાર્થે ભારે ભીડ



### સુપ્રસિધ્ધ લંબે હનુમાનજી મંદિરે ૨૧ હજાર લાડુનો મહાભોગ ધરાયો



જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ નજીક ભવનાથ તિર્થક્ષેત્રમાં બિરાજતા સુપ્રસિધ્ધ લંબે હનુમાનજી મંદિર ખાતે આજે હનુમાન જયંતિની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અને વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. ઉપરાંત આજે હનુમાનજી મહારાજને ૨૧ હજાર લાડુનો મહાભોગ ધરાયો હતો. ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે હનુમાન જયંતિની ભકિતભાવ પુર્વક સર્વત્ર ઉજવણી કરવામાં આવી રહી છે. આજે સવારથી જ હનુમાનજી મહારાજના મંદિરોમાં વિશેષ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. મર્યાદા પુરૂષોતમ ભગવાન શ્રી રામચંદ્રજીના પરમ ભકત હનુમાનજી મહારાજનો પ્રાગટય દિન એટલે ચૈત્ર સુદ-૧૫ના હનુમાન જયંતિના પાવન અવસર હનુમાન જયંતિની દર વર્ષે ભાવપુર્વક ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આજે હનુમાન જયંતિના અવસર ઉપર જૂનાગઢ શહેરમાં આવેલા હનુમાનજી મહારાજના મંદિરોમાં વહેલી સવારથી જ દર્શનાર્થીઓની લાંબી કતારો જોવા મળે છે. જૂનાગઢ શહેરના ટીંબાવાડી રોડ ઉપર આવેલા તાત્કાલીક હનુમાનજી મંદિરે આજે સવારથી જ ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા છે. મંદિરના પૂજારીજી દ્વારા પૂજન સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. હનુમાનજી મહારાજને તેલ, સીંદુર, આંકડાની માળા અને પ્રસાદ ધરવામાં આવે છે. જૂનાગઢ શહેરમાં આવેલા પંચહાટડી ખાતે આવેલા પંચમુખી હનુમાનજીના મંદિરે પણ સવારથી જ વિવિધ કાર્યક્રમો યોજાયા છે અને ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા છે. આ ઉપરાંત ભવનાથ ખાતે આવેલા સુપ્રસિધ્ધ લંબે હનુમાનજી મંદિરે પણ આજે વહેલી સવારથી જ વિશેષ કાર્યક્રમો મહાઆરતી, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જૂનાગઢ શહેર ઉપરાંત ગામેગામ આવેલા હનુમાનજીના મંદિરોને અનેરી સજાવટ કરવામાં આવી છે અને વિશેષ પૂજા, બટુક ભોજન સહિતના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે અને કષ્ટભંજન દેવ, સંકટ મોચન, હનુમાનજી મહારાજને સર્વેના કલ્યાણની કામના કરવામાં આવી રહી છે.

### જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ

# કિરીટ પટેલે ભાંગરો વાટયો : પટરાણીવાળા નિવેદનની ભુલ સ્વીકારી પાછુ ખેંચ્યું

**અગાઉનાં જમાનામાં રાજાની પટરાણી લુલી હોય, લંગડી હોય, બોબડી હોય પરંતુ તેની કુખે જન્મેલ પુત્ર રાજા બનતો હતો જયારે આજે મતપેટી દ્વારા રાજા પેદા થાય છે - કિરીટ પટેલ**



વિસાવદર તા. ૨૩

ગુજરાતની લોકસભા ચૂંટણીમાં રાજકોટ બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિધાનોનો વિવાદ જોર પકડી રહ્યો છે અને ભાજપને તેમાં ડેમેજ કંટ્રોલ માટે સતત દોડધામ કરવી પડી રહી છે. તે સમયે જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે વિસાવદરમાં ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાની હાજરીમાં હવે રાજાની 'પટરાણી' અંગે વિવાદાસ્પદ વિધાનો કરતા હાલ માહોલ વધુ 'ગરમ' થયો છે.

કિરીટ પટેલે વિસાવદરમાં અગાઉ ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાના કાર્યાલયના ઉદઘાટનમાં ભાષણ આપતા એવા વિધાનો કર્યા હતા કે અગાઉના સમયમાં રાજાની પટરાણીના કૃખે જે દિકરો જન્મે તે રાજા બનતો હતો પછી ભલે પટરાણી લુલી હોય, લંગડી હોય, બોબડી હોય પણ તેના દિકરાને રાજા બનાવાતો હતો.

હવે મતપેટી મારફત 'રાજા' બને છે. હજું રોટી-બેટીના વ્યવહાર અંગે રૂપાલાના નિવેદન સામે ક્ષત્રિય સમાજ અને ખાસ કરીને ક્ષત્રિય મહિલાઓમાં ભારે રોષ છે તે સમયે હવે ભાજપના વધુ એક નેતાએ આ રીતે 'પટરાણી' અંગે કરેલા વિધાનો વાયરલ થતા જ તેઓને પોતાની ભુલ સમજાઈ ગઈ હતી અને મોડીરાત્રીના રૂપાલા સ્ટાઈલથી માફી માંગતો વિડીયો પણ પોષ્ટ કર્યો હતો.

એક તરફ ભાજપે તેમના તમામ નેતાઓને આ પ્રકારના વિવાદી વિધાનોથી દુર રહેવા તાકીદ કરી છે અને સંગઠન મહામંત્રી રત્નાકર અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી દરેક બેઠક પર પક્ષના ક્ષત્રિય અગ્રણીઓને સાથે રૂપાલા વિવાદથી સર્જાયેલા વિવાદમાં કઈ રીતે સંયમ જાળવવો તે સલાહ આપી રહ્યા છે તે સમયે જ ભાજપના ઉમેદવારની હાજરીમાં જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે 'પટરાણી' અંગે કરેલા વિધાનોથી હવે જુનાગઢ જીલ્લામાં પણ આ વિષે ઉગ્ર વિરોધ થાય તેવા સંકેત છે.


મકાન વેંચવાનું છે

વન બેડ - હોલ - કિચન
બે બાલ્કની - સંડાસ - બાથરૂમ
અનિતા એપાર્ટમેન્ટ, બ્લોક નં. સી/૩,
બીજા માળે, દુબડી પ્લોટ, ઢોરા ઉપર
જૂનાગઢ - ૩૬૨૦૦૧
(કિંમત રૂા. ૪ લાખ)
: કોન્ટેકટ :
નરેન્દ્રભાઈ ઘુચલા
મો. ૯૪૨૮૫ ૯૨૯૦૭

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Symphony® Thinking of Tomorrow

ઇન્ડિયા નું નંબર.૧ કુલર સિમ્ફની!*



Mastercool 30
MRP (1N) : ~~₹9,999/-~~
Offer Price (1N) : ₹4,991/-

Sumo 75XL
MRP (1N) : ~~₹15,499/-~~
Offer Price (1N) : ₹13,491/-

Hi Flo 27
MRP (1N) : ~~₹8,499/-~~
Offer Price (1N) : ₹6,191/-

૮૦+ વર્ષોનો કુલિંગ અનુભવ
૬૦+ દેશોમાં ઉપલબ્ધ
૨૫ મિલિયન+ સંતુષ્ટ ગ્રાહકો

*જુલાઈ ૨૨ – જૂન ૨૩ મેટ્રિક્સ રિસર્ચ રિપોર્ટ પર આધારીત. **MRP માં તમામ ટેક્ષનો સમાવેશ થાય છે.

www.symphonylimited.com
કસ્ટમર કેર
symphonylimited.com/care | Call: 079-35235235 / 9510976161 | WhatsApp: 9510976161
ખરીદી કરો

દરેક અગ્રગણ્ય શો-રૂમમાં અને આ સ્થળો ઉપર ઉપલબ્ધ.
Symphony e-Shop shop.symphonylimited.com
Reliance digital | croma A TATA Enterprise | vijay sales www.vijaysales.com | sales india | amazon | Flipkart

વધુ વિગત માટે સંપર્ક કરો : જુનાગઢ, ગીરસોમનાથ, મોરબી, જામનગર, પોરબંદર : ૯૩૭૭૦૬૯૮૯૮
For bulk enquiries : institutional@symphonylimited.com